Thursday
29.02.2024
✳Volume :8 ✳ Issue No.219
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રનાં યવતમાલમાં રૂ. ૪,૯૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને લોકાર્પણ કર્યું

સમગ્ર મહારાષ્ટ્રમાં ૫.૫ લાખ મહિલા એસ.એચ.જી.ને રિવોલ્વિંગ ફંડના રૂ. ૮૨૫ કરોડનું વિતરણ

પીએમ-કિસાન હેઠળ આશરે રૂ. ૨૧,૦૦૦ કરોડના જમા હપ્તાની રકમ રીલિઝ કરી અને 'નમો શેતકરી મહાસંમાન નિધિ' હેઠળ લગભગ ૩૮૦૦ કરોડ રૂપિયાનો બીજો અને ત્રીજો હપ્તો

"વિકસિત ભારતની રચના માટે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવું અનિવાર્ય છે"

"મેં ભારતના દરેક ખૂણાને વિકસિત બનાવવાનો સંકલ્પ કર્યો છે. મારા શરીરનો એક એક કણ અને મારા જીવનની દરેક પળ આ સંકલ્પને સમર્પિત છે"

"છેલ્લા ૧૦ વર્ષમાં જે કંઈ પણ કરવામાં આવ્યું છે તે આગામી ૨૫ વર્ષનો પાયો નાખે છે"

"અમે છત્રપતિ શિવાજી પાસેથી પ્રેરણા લઈએ છીએ"

અનેક માર્ગ, રેલ અને સિંચાઈ યોજનાઓનું લોકાર્પણ કર્યું

યવતમાલ શહેરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું ઉદઘાટન કર્યું

"ગરીબોને આજે તેમનો લાયક હિસ્સો મળી રહ્યો છે"

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રમાં યવતમાલમાં રૂ. ૪૯૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં રેલવે, રોડ અને સિંચાઈ સાથે સંબંધિત વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદઘાટન અને લોકાર્પણ કર્યું હતું. તેમણે કાર્યક્રમ દરમિયાન પીએમ કિસાન અને અન્ય યોજનાઓ અંતર્ગત લાભો પણ જાહેર કર્યા હતા. પ્રધાનમંત્રીએ સમગ્ર મહારાષ્ટ્રમાં ૧ કરોડ આયુષ્માન કાર્ડનાવિતરણની શરૂઆતપણ કરી હતી અને ઓબીસી કેટેગરીના લાભાર્થીઓ માટે મોદી આવાસ ઘરકુલ યોજનાનોશુભારંભ કરાવ્યો હતો. તેમણે બે ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપી હતી. પ્રધાનમંત્રીએ યવતમાલ શહેરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું ઉદઘાટન પણ કર્યું હતું. દેશભરમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં આ કાર્યક્રમ સાથે જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ છત્રપતિ શિવાજીની ભૂમિ સામે શિશ ઝુકાવ્યું હતું અને ધરતીપુત્ર બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૪માં અને વર્ષ ૨૦૧૯માં પણ 'ચાય પર ચર્ચા' કરવા આવ્યાં હતાં, ત્યારે તેમણે લોકોનાં આશીર્વાદને યાદ કર્યા હતાં. તેમણે ફરી એક વાર લોકોના આશીર્વાદ માંગ્યા. તેમણે માતા-બહેનોના આશીર્વાદ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. છત્રપતિ શિવાજીના શાસનને ૩૫૦ વર્ષ પૂર્ણ થયાની નોંધ લેતા પ્રધાનમંત્રીએ તેમના રાજ્યાભિષેકને યાદ કરતા કહ્યું કે તેમણે રાષ્ટ્રીય ચેતના અને શક્તિને સર્વોચ્ચ મહત્વ આપ્યું અને અંતિમ શ્વાસ સુધી તેના માટે કામ કર્યું. પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર તેમનાં આદર્શોને અનુસરે છે અને નાગરિકોનાં જીવનમાં પરિવર્તન લાવવાનાં અભિયાન પર છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "છેલ્લાં ૧૦ વર્ષમાં જે કંઈ પણ થયું છે, તે આગામી ૨૫ વર્ષ માટે પાયો નાખે છે." પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મેં ભારતનાં દરેક ખૂણાને અને મારા જીવનની દરેક પળને વિકસાવવાનો સંકલ્પ લીધો છે અને મારા શરીરનો દરેક કણ આ સંકલ્પને સમર્પિત છે." પ્રધાનમંત્રીએ ચાર સૌથી મોટી પ્રાથમિકતાઓ –ગરીબો, યુવાનો, મહિલાઓ અને ખેડૂતો પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, "આ ચારનું સશક્તીકરણ દરેક પરિવાર અને સંપૂર્ણ સમાજની તાકાત સુનિશ્ચિત કરશે." તેમણે આજની ઇવેન્ટના પ્રોજેક્ટ્સને ચારેયના સશક્તીકરણ સાથે જોડ્યા હતા. તેમણે ખેડૂતો માટે સિંચાઈની સુવિધાઓ, ગરીબો માટે પાકા મકાનો, ગ્રામીણ મહિલાઓને નાણાકીય સહાય અને યુવાનોના ભવિષ્ય માટે માળખાગત સુવિધાઓનો ઉલ્લેખ કર્યો હતો. અગાઉની સરકારો દરમિયાન ખેડૂતો, આદિવાસીઓ અને જરૂરિયાતમંદોને અપાતી નાણાકીય સહાયમાં થયેલી ઉચાપત પર શોક વ્યક્ત કરતાં પ્રધાનમંત્રીએ આજે એક બટન દબાવીને રૂ. ૨૧,૦૦૦ કરોડનાં મૂલ્યનાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનું વિતરણ કરવાનાં પ્રસંગે થયેલા વિરોધાભાસ પર પ્રકાશ પાડ્યો હતો અને આ ચેષ્ટાને મોદી કી ગેરંટી ગણાવી હતી. પીએમ મોદીએ કહ્યું, "ગરીબોને આજે તેમનો લાયક હિસ્સો મળી રહ્યો છે." મહારાષ્ટ્રમાં ડબલ એન્જિન સરકારની ડબલ ગેરન્ટી પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ખેડૂતોને અલગથી રૂ. ૩૮૦૦ કરોડ મળ્યા છે, જેનાથી સમગ્ર મહારાષ્ટ્રમાં આશરે ૮૮ લાખ લાભાર્થી ખેડૂતોને લાભ થયો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ દેશનાં ૧૧ કરોડ ખેડૂતોને રૂ. ૩ લાખ કરોડ મળ્યાં છે. જેમાંથી મહારાષ્ટ્રના ખેડૂતોને ૩૦૦૦૦ કરોડ રૂપિયા અને યવતમાલના ખેડૂતોના ખાતામાં ૯૦૦ કરોડ રૂપિયા મળ્યા છે. પ્રધાનમંત્રીએ શેરડીની એફઆરપી વધારીને ક્વિન્ટલદીઠ રૂ. ૩૪૦ કરવા વિશે પણ માહિતી આપી હતી. તેમણે ખાદ્યાન્ન સંગ્રહનું નિર્માણ કરવા માટે દુનિયાની સૌથી મોટી યોજનાનો ઉલ્લેખ પણ કર્યો હતો, જે તાજેતરમાં ભારત મંડપમમાં શરૂ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, 'વિકસિત ભારતનાં નિર્માણ માટે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવું અતિ આવશ્યક છે."ગામડાઓમાં રહેતાં કુટુંબોને નાણાકીય સહાય પ્રદાન કરીને તેમની સામે આવતી તમામ સમસ્યાઓનું સમાધાન કરવા સરકારનાં પ્રોત્સાહન પર ભાર મૂક્યો હતો. પીવા માટે પાણી હોય કે સિંચાઈ, પ્રધાનમંત્રીએ અગાઉની સરકારો દરમિયાન ગામડાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિને યાદ કરી હતી અને જાણકારી આપી હતી કે, વર્ષ ૨૧૦૪ અગાઉ દર ૧૦૦માંથી માત્ર ૧૫ પરિવારોને જ નળમાંથી પાણીનો પુરવઠો સુલભ થયો હતો. તેમણે ઉમેર્યું હતું કે, "મોટા ભાગના ઉપેક્ષિત પરિવારો ગરીબો, દલિતો અને આદિવાસી સમુદાયોના છે." તેમણે પાણીની તંગીને કારણે મહિલાઓને જે મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો તેપણ યાદ અપાવ્યું હતું અને તેમને મોદીની 'હર ઘર જલ' ની ગેરંટીની યાદ અપાવી હતી, જેના કારણે ૧૦૦ માંથી ૭૫ પરિવારોને ૪-૫ વર્ષમાં નળનું પાણી મળી ગયું હતું. તેમણે મહારાષ્ટ્રના આંકડા ૫૦ લાખથી ઓછાથી વધીને ૧.૨૫ કરોડ નળના પાણીના જોડાણોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, "મોદીની ગેરંટીનો અર્થ ગેરંટી પૂરી કરવાની ગેરંટી છે." અગાઉના યુગની લાંબા સમયથી વિલંબિત ૧૦૦ સિંચાઈ યોજનાઓનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ખેડૂતોને જણાવ્યું હતું કે, તેમાંથી ૬૦ યોજનાઓ છેલ્લાં ૧૦ વર્ષમાં પૂર્ણ થઈ ગઈ છે. આવી ૨૬ બાકી સિંચાઈ યોજનાઓ મહારાષ્ટ્રની હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વિદર્ભનાં ખેડૂતોએ એ જાણવું જરૂરી છે કે, તેમનાં કુટુંબોની મુશ્કેલીઓ પાછળ કોનો હાથ હતો." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ ૨૬ પ્રોજેક્ટમાંથી ૧૨ પ્રોજેક્ટ સરકારે પૂર્ણ કરી લીધા છે અને અન્ય પ્રોજેક્ટ્સ પર પણ કામ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રીએ નિલવંડે ડેમ પરિયોજનાનું ઉદાહરણ આપ્યું હતું, જે ૫૦ વર્ષ પછી પૂર્ણ થયું હતું, ક્રિષ્ણા કોયના અને ટેમ્ભુ પ્રોજેક્ટ્સ તથા ગોસીખુર્દ પ્રોજેક્ટમાં પણ વર્તમાન સરકાર દ્વારા દાયકાઓના વિલંબ પછી દિવસનો પ્રકાશ જોવા મળ્યો હતો. આજે પણ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ અને બલિરાજા સંજીવની યોજના અંતર્ગત વિદર્ભ અને મરાઠાવાડાને ૫૧ પરિયોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગામડાઓમાંથી લખપતિ દીદી બનાવવાની મોદીની ગેરન્ટીનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ૧ કરોડ મહિલાઓનો લક્ષ્યાંક હાંસલ થઈ ચૂક્યો છે અને આ વખતના બજેટમાં લખપતિ દીદીઓની સંખ્યા વધારીને ૩ કરોડ કરવાની યોજના છે. તેમણે સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી ૧૦ કરોડથી વધુ મહિલાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમને બેંકમાંથી રૂ. ૮ લાખ કરોડ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦ કરોડનું વિશેષ ભંડોળ પૂરું પાડવામાં આવે છે, જેનાથી મહારાષ્ટ્રની લાખો મહિલાઓને લાભ થાય છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, યવતમાલ જિલ્લામાં મહિલાઓને ઘણી ઈ-રિક્શા પણ આપવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ આ કામ માટે મહારાષ્ટ્ર સરકારને અભિનંદન આપ્યાં હતાં. તેમણે નમો ડ્રોન દીદી યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં મહિલાઓને સરકાર દ્વારા ડ્રોન પાઇલટ તરીકે તાલીમ આપવામાં આવી રહી છે અને કૃષિ ઉપયોગ માટે ડ્રોન પણ પ્રદાન કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું લોકાર્પણ કર્યું હતું. પંડિત દીનદયાળ ઉપાધ્યાયની અંત્યોદય વિચારધારામાંથી પ્રેરણા લઈને પ્રધાનમંત્રીએ છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન ગરીબોને સમર્પિત વિવિધ પ્રોજેક્ટની વિગતો આપી હતી, જેમ કે નિઃશુલ્ક રાશનની ગેરંટી અને નિઃશુલ્ક તબીબી સારવાર. આજે મહારાષ્ટ્રના ૧ કરોડ પરિવારોને આયુષ્યમાન કાર્ડ આપવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગરીબો માટે પાકા મકાનોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ઓબીસી પરિવારો માટે મકાનો માટેની યોજનાનો ઉલ્લેખ કર્યો હતો, જે અંતર્ગત ૧૦,૦૦૦ ઓબીસી પરિવારોને પાકા મકાનો મળશે, જે આજે શરૂ કરવામાં આવ્યાં હતાં. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "મોદીએ માત્ર એ લોકોની જ દરકાર નથી કરી, જેમની ક્યારેય કાળજી લેવામાં આવી નથી, પરંતુ તેમની પૂજા પણ કરી છે." પ્રધાનમંત્રીએ રૂ. ૧૩,૦૦૦ કરોડનાં મૂલ્યનાં કારીગરો અને હસ્તકળાનાં માણસો માટે વિશ્વકર્મા યોજના અને રૂ. ૨૩,૦૦૦ કરોડનાં આદિવાસીઓ માટે પ્રધાનમંત્રી જનમન યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી જનમન યોજના મહારાષ્ટ્રનાં ઘણાં આદિવાસી સમુદાયોનાં જીવનને સરળ બનાવશે, જેમાં કાટકરી, કોલામ અને મડિયા સામેલ છે. સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ગરીબો, ખેડૂતો, યુવાનો અને નારી શક્તિને સશક્ત બનાવવાનું આ અભિયાન વધુ તીવ્ર બનશે અને આગામી પાંચ વર્ષમાં વિદર્ભમાં દરેક પરિવાર માટે વધુ સારા જીવનનું સર્જન કરીને વધુ ઝડપી વૃદ્ધિ જોવા મળશે. આ પ્રસંગે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી રમેશ બૈસ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીઓ શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને શ્રી અજિત પવાર સહિત અન્ય સાંસદો, વિધાનસભા, વિધાન પરિષદ અને મહારાષ્ટ્ર સરકાર ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી અર્જુન મુંડાએ વર્ચ્યુઅલ રીતે પોતાની હાજરી આપી હતી. પ્રધાનમંત્રીની ખેડૂતોનાં કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું વધુ એક ઉદાહરણ પ્રદર્શિત કરતું એક પગલું પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) અંતર્ગત રૂ. ૨૧,૦૦૦ કરોડથી વધારેનાં ૧૬માં હપ્તાની રકમ યવતમાલમાં જાહેર કાર્યક્રમમાં લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ મારફતે આપવામાં આવી હતી. આ ફાળવણી સાથે ૩ લાખ કરોડથી વધુની રકમ ૧૧ કરોડથી વધારે ખેડૂત પરિવારોને હસ્તાંતરિત કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ આશરે રૂ. ૩૮૦૦ કરોડનાં મૂલ્યનાં 'નમો શેતકરી મહાસમ્માન નિધિ'નાં બીજા અને ત્રીજા હપ્તાનું વિતરણ પણ કર્યું હતું, જેનાથી સમગ્ર મહારાષ્ટ્રમાં આશરે ૮૮ લાખ લાભાર્થી ખેડૂતોને લાભ થયો હતો. આ યોજના મહારાષ્ટ્રમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓને દર વર્ષે ૬૦ રૂપિયાની વધારાની રકમ પ્રદાન કરે છે. પ્રધાનમંત્રીએ સમગ્ર મહારાષ્ટ્રમાં ૫.૫ લાખ મહિલા સ્વસહાય જૂથો(એસએચજી)ને રૂ. ૮૨૫ કરોડનાં રિવોલ્વિંગ ફંડનું વિતરણ કર્યું હતું. આ રકમ નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (એનઆરએલએમ) હેઠળ ભારત સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા રિવોલ્વિંગ ફંડમાં વધારાની છે. રિવોલ્વિંગ ફંડ (આરએફ) એસએચજીને વારાફરતી ધોરણે એસએચજીની અંદર નાણાં ધિરાણને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ સ્તરે મહિલાઓની આગેવાની હેઠળના સૂક્ષ્મ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ગરીબ પરિવારોની વાર્ષિક આવકમાં વધારો કરવા માટે આપવામાં આવે છે. પ્રધાનમંત્રીએ તમામ સરકારી યોજનાઓની ૧૦૦ટકા સંતૃપ્તિના તેમના સ્વપ્નને સાકાર કરવા માટે કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સુધી પહોંચવાના વધુ એક પગલા તરીકે સમગ્ર મહારાષ્ટ્રમાં એક કરોડ આયુષ્માન કાર્ડના વિતરણની શરૂઆત કરી હતી. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં ઓબીસી કેટેગરીના લાભાર્થીઓ માટે મોદી આવાસ ઘરકુલ યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. આ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી ૧૦ લાખ મકાનોનું નિર્માણ કરવાની કલ્પના કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ આ યોજનાનાં ૨.૫ લાખ લાભાર્થીઓને રૂ. ૩૭૫ કરોડનો પ્રથમ હપ્તો હસ્તાંતરિત કર્યો હતો. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રનાં મરાઠાવાડા અને વિદર્ભ વિસ્તારને લાભ આપતી વિવિધ સિંચાઈ યોજનાઓ દેશને અર્પણ કરી હતી. આ યોજનાઓ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પીએમકેએસવાય) અને બલરાજા જલ સંજીવની યોજના (બીજેએસવાય) હેઠળ રૂ. ૨૭૫૦ કરોડથી વધારેનાં સંચિત ખર્ચ સાથે વિકસાવવામાં આવી છે. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં રૂ. ૧૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રેલવે પ્રોજેક્ટનું ઉદઘાટન પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં વર્ધા-કુંમ્બ બ્રોડગેજ લાઇન (વર્ધા-યવતમાલ-નાંદેડ નવા બ્રોડગેજ લાઇન પ્રોજેક્ટનો ભાગ) અને ન્યૂ આશ્તી-અમલનેર બ્રોડગેજ લાઇન (અહમદનગર-બીડ-પરલી નવા બ્રોડગેજ પ્રોજેક્ટનો ભાગ) સામેલ છે. નવી બ્રોડગેજ લાઇનથી વિદર્ભ અને મરાઠવાડા વિસ્તારોની કનેક્ટિવિટીમાં સુધારો થશે અને સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે. પ્રધાનમંત્રીએ કાર્યક્રમ દરમિયાન બે ટ્રેન સેવાઓને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી પણ આપી હતી. તેમાં કાલામ્બ અને વર્ધાને જોડતી ટ્રેન સેવાઓ અને અમલનેર અને ન્યૂ આષ્ટીને જોડતી ટ્રેન સેવા સામેલ છે. આ નવી ટ્રેન સેવાથી રેલવે કનેક્ટિવિટીમાં સુધારો કરવામાં મદદ મળશે અને આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ, વેપારીઓ અને દૈનિક મુસાફરોને લાભ થશે. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં માર્ગ ક્ષેત્રને મજબૂત કરવા માટે કેટલીક પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ પ્રોજેક્ટ્સમાં એનએચ–૯૩૦નાં વારોરા-વાની સેક્શનને ફોર લેન કરવાનો સમાવેશ થાય છે. સાકોલી-ભંડારા અને સલાઈખુર્દ-તિરોરાને જોડતા મહત્વના માર્ગો માટે રોડ અપગ્રેડેશન પ્રોજેક્ટ્સ. આ પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટીમાં સુધારો કરશે, મુસાફરીના સમયમાં ઘટાડો કરશે અને આ વિસ્તારમાં સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રીએ યવતમાલ શહેરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનું ઉદઘાટન પણ કર્યું હતું.

ઝરીમોરા ગામ પંચાયત ની બહેનોએ રાજ્યમંત્રી કુવરજી હળપતિની મુલાકાત લીધી ગાંધીનગર ખાતે આવેલી ઓફિસ ઉપર મુલાકાત થઈ જોતા આવશે

સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ રાજ્યમાં અત્યારસુધીમાં કુલ રૂ.૪૧૯ કરોડના ખર્ચે કુલ ૧.૬૫ લાખ આદિજાતિ લાભાર્થીઓને લાભ અપાયો :આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ

આદિજાતિ પશુપાલકોને જાતવાન પશુઓ આપીને વધુ આર્થિક પગભર બનાવવા સરકાર કટિબદ્ધ

આદિજાતિ વિસ્તારના પશુપાલકોને જાતવાન પશુઓ આપીને દૂધમાં વધારો કરીને વધુને વધુ આર્થિક પગભર બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર કટિબદ્ધ છે. ગુજરાતમાં સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ.૪૧૯ કરોડથી વધુના ખર્ચે કુલ ૧.૬૫ લાખ આદિજાતિ લાભાર્થી ભાઈ-બહેનોને લાભ આપવામાં આવ્યો છે. છોટા ઉદેપુર જિલ્લામાં આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૭૭૮ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૬૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે તેમ, વિધાનસભા ગૃહમાં જેતપુરના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ રાઠવાએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ કહ્યું હતું. રાજ્ય મંત્રી શ્રી હળપતિએ વધુ વિગતો આપતા ગૃહમાં જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ પશુ સારવાર, પશુ આહાર તેમજ પશુ ઉછેર માટે પશુપાલકોને તાલીમ પણ આપવામાં આવે છે. લાભાર્થીને અત્યારે કુલ રૂ. ૭૦ હજારની સહાય કરવામાં આવતી હતી, જેમાં રૂ. ૪૫,૦૦૦ની સબસીડી, ૨૨,૫૦૦ની લોન તેમજ લાભાર્થી ફાળા તરીકે રૂ. ૨,૫૦૦ લેવામાં આવે છે. જ્યારે આગામી બજેટ

એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં આ રકમ વધારીને રૂ. ૯૦,૦૦૦ કરવામાં આવી છે જેના પરિણામે પશુપાલન સાથે જોડાયેલી આદિજાતિ મહિલાઓ વધુ આર્થિક સમૃદ્ધ બનશે તેમ, મંત્રીશ્રીએ ગૃહમાં ઉમેર્યું હતું.

kamalam daily newspaper-28-02-2024

તંત્રી સ્થાનેથી......

ગરીબ તેમજ મધ્યમ વર્ગના પરિવારોને મફત વીજળી આપવા માટે અને સૌર ઊર્જાને પ્રોત્સાહિત કરવા માટે પીએમ સૂર્યઘર યોજના-૨૦૨૪ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય એક કરોડ પરિવારોને ૩૦૦યુનિટ સુધીમફતવીજળીપૂરી પાડવાનોછે. આયોજનાના માધ્યમ દ્વારા રૂ. ૭૫,૦૦૦કરોડના રોકાણ હેઠળ ભારતના એક કરોડઘરો પર સોલાર રૂફટોપ સિસ્ટમદ્વારા વીજળીપહોંચાડવામાં આવશે. જેના ઉપર કેન્દ્ર સરકાર દ્વારા સબસીડીપૂરી પાડવામાંઆવશે. આયોજનાથી લોકો માટે મફતવીજળીના સપનાસાકાર થશે. સાથે સરકારશ્રીમાટે વીજળીના ખર્ચમાં પણ ઘટાડો થશે, પુનઃ પ્રાપ્ય ઊર્જામાં વધારો થશે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. પી.એમ. સૂર્યઘર યોજનામાં પ્રથમ ૧ થી ૨ કિલોવોટ સુધી પર કિલોવોટ રૂ.૩૦,૦૦૦એટલે કે ૨ કિલોવોટ સુધી રૂ.૬૦,૦૦૦ અને ત્યારબાદ વધારાના ૧ કિલોવોટ પર રૂ.૧૮,૦૦૦ એટલે કે ૧ થી ૩ કિલો વોટ સુધી રૂ.૭૮,૦૦૦ સબસીડી મળવા પાત્ર થશે. જે ગ્રાહકના બેંક ખાતામાંસીધી જમાં કરવામાં આવશે. ઉદાહરણ દ્વારા સમજીએ તો જો વપરાશ ૦ થી ૧૫૦ યુનિટનો હોય તો ૧ થી ૨ કિલોવોટની સોલાર સિસ્ટમ લગાવવાથી રૂપિયા ૩૦,૦૦૦ થી ૬૦,૦૦૦ સુધીની સબસીડી મળવા પાત્ર થશે. જો વપરાશ ૧૫૦ થી ૩૦૦ યુનિટનો હોય તો ૨ થી ૩ કિલોવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવાથીરૂ.૬૦૦૦૦ થીરૂ.૭૮,૦૦૦ સુધીનીસબસીડી મળવાપાત્ર થશે અને જો ૩૦૦ યુનિટથીવધુ વપરાશહોય તો ૩કિલોવોટથી વધુની સોલાર સિસ્ટમ લગાવવાથી વધુમાં વધુ રૂ. ૭૮,૦૦૦ સુધી સબસીડી મળવા પાત્ર થશે. સોલાર સીસ્ટમ ઈન્સ્ટોલ કરાવવા ૧ કિલોવોટ માટે સરેરાશ ૧૦૦સ્કેવર ફૂટનીજગ્યામાં થઈ શકે છે એટલે કે ૨ કિલોવોટ માટે ૨૦૦ સ્કવેર ફૂટ અને ૩ કિલોવોટ માટે સરેરાશ ૩૦૦ સ્કવેર ફૂટનીજગ્યામાં થઈ શકે છે. ૧ કિલોવોટનીસોલાર સિસ્ટમદ્વારા દરરોજ સરેરાશ ૪ કે તેથી વધારે વીજળી યુનિટનું ઉત્પાદન થઈ શકે છે આમ, જેમ કિલોવોટનીસંખ્યામાં વધારોથતો જાય તેમ વીજળીયુનિટ ઉત્પાદન કરવાની ક્ષમતામાંપણ વધારોથતો જાય છે. પી.એમ. સૂર્યઘર યોજનાનું રજિસ્ટ્રેશન રૅજ઼:/દ્વજે઼ઙ્કિદ્રૂપ્રદ્ર઼ફ઼્રિદ્દૈ.હ/ નેશનલ પોર્ટલ ઉપરગ્રાહક જાતે કરી શકશે અથવા સરકારે અધિકૃત કરેલી એજન્સી દ્વારા અથવા વીજ કંપનીના કર્મચારીઓની મદદથી કરી શકાશે. મોરબી ઁફઝ઼ન્ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રીએસ.એચ.રાઠોડે માહિતીઆપતા જણાવ્યુંહતું કે, હાલમાં પી.એમ. સૂર્યઘર યોજનામાટે મોરબી જિલ્લામાં તા.૧૪-૨-૨૦૨૪થી રજીસ્ટ્રેશન માટે ૯૦ટીમો કાર્યરત છે. આયોજનાનો લાભ લેવામાટે મોરબીજિલ્લા હેઠળ ૪ વિભાગીય અને ૧૮પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરી શકાશે. વધારે માહિતીમાટે ઁફઝ઼ન્મોરબી કચેરીનો સંપર્ક કરી શકાશે. પી.એમ. સૂર્યઘર યોજના મોરબી જિલ્લાના નોડલ અધિકારીશ્રીબી.જે.વાછાણીએ જણાવ્યું હતું કે હાલમોરબી જિલ્લામાં માટેકુલ ૩૪,૪૦૦જેટલા કનેકશનોનેપી.એમ. સૂર્યઘર યોજના હેઠળ આવરી લઈ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

દ્રઢ સંકલ્પથી જ સફળતા અને સમૃધ્ધિના દ્વાર ખૂલે છે, ભારતવાસીઓ માટે આવું એક મક્કમ કદમ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" એટલે નાગરિકોના સપનાઓને સાકાર કરવા માટે સરકારનો અડગ નિર્ધાર સાથેનો સંકલ્પ: મંત્રી શ્રી બચુભાઇ ખાબડ

નાગરિકોના સપનાઓને સાકાર કરવામાટે સરકારના અડગ નિર્ધાર સાથેનો સંકલ્પ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" તેમ કહી બિનસરકારી સંકલ્પના સ્વીકાર સાથેપોતાનો મતરજૂ કરતાં મંત્રીશ્રી બચુભાઈ ખાબડે ઉમેર્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે આજે વિશ્વના અગ્રણી દેશોની યાદીમાં સ્થાન મેળવ્યું છે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં તા.૧૫મી નવેમ્બર, ૨૦૨૩ થીતા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધી આ સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાં આશરે ૧૪,૫૦૦થી વધુ ગ્રામ પંચાયત સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી હતી. આ યાત્રા દરમિયાન ૬૦ લાખથી વધારે વ્યક્તિઓએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લીધાહતા. એટલું જ નહિ, આ યાત્રાદરમિયાન ૩ લાખથી વધુ વ્યક્તિઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડ રાજ્યમાંથી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા.રાજ્યના છેવાડાના માનવી કે જે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવાની પાત્રતા ધરાવે છે, તેમને આવી યોજનાઓનો લાભ પહોંચાડવા તથા જનજાગૃતિ લાવવા સમગ્ર ભારતમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યોહતો. જનસેવા અને લોક કલ્યાણના ઉદ્દેશથી યોજવામાંઆવેલ આસંકલ્પ યાત્રા દરમિયાન લોકોને વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને મળવાપાત્ર લાભ પ્રાપ્ત કરાવવામાં આવ્યા હતા. ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાનો બિનસરકારીસંકલ્પ રજૂકરતાં કહ્યું હતું કે, કોઈપણ કાર્યની સફળતા તેની પાછળ રહેલા સંકલ્પને આભારી છે. દ્રઢ સંકલ્પથી જ સફળતા અને સમૃધ્ધિના દ્વાર ખૂલે છે. ભારતવાસીઓ માટે આવું એક કદમ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા". ધારાસભ્યશ્રીએ ઉમેર્યું હતું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિવીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના,

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા"બિનસરકારી સંકલ્પનો વિધાનસભા ખાતે સર્વાનુમતે સ્વિકાર

પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭યોજનાઓને આવરી લેવામાંઆવી હતી. સરકારની આ યોજનાઓને પાત્ર હોય તેવા એક પણ લાભાર્થીછૂટી ના જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ સંકલ્પ યાત્રાને સફળ બનાવવા સમગ્ર રાજ્યના વહીવટી તંત્રએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. ગ્રામ્ય કક્ષાએ પણ અધિકારીઓ અને પદાધિકારીશ્રીઓદ્વારા એકબીજાના સંકલનમાં રહીને યાત્રાની કામગીરી સુચારૂ રીતે પાર પાડવામાંઆવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાવવામાંઆવેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના અજોડ આયોજન બદલ રાજ્ય સરકારને ધારાસભ્યશ્રીએ અભિનંદન પાઠવ્યા છે. ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાનો બિનસરકારી સંકલ્પ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો વિધાનસભા ખાતે સર્વાનુમતે સ્વિકાર કરવામાંઆવ્યો હતો.

'સૂર્ય-ગુજરાત યોજના' હેઠળ તાપી જિલ્લામાં ૧,૩૬૩ વીજગ્રાહકોને રૂ. ૮.૫૦ લાખ સબસીડી ચૂકવાઈ : મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ

વિધાનસભા ગૃહ ખાતે તાપીજિલ્લામાં રહેણાંક વિસ્તારમાં સોલાર રૂફટોપ યોજના 'સૂર્ય-ગુજરાત'ની વિગતોઅંગે પૂછાયેલાપ્રશ્નના જવાબમાં ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતુંકે, ગુજરાતમાંછેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ૧,૩૬૩વીજ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી છે, જેની કુલક્ષમતા ૫,૫૮૨ કીલોવોટ છે. સોલાર સિસ્ટમ લગાવનાર આ વીજ ગ્રાહકોને કુલ રૂ. ૮.૫૦ લાખ સબસીડી ચૂકવવામાં આવી છે. આ યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કુલ ૮૧૧ વીજ ગ્રાહકોની નોંધણી કરવામાં આવી હતી. જેની વીજક્ષમતા૩૩૨૪ કિલોવોટ છે તેમ પણ મંત્રીશ્રીએ અન્યપ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

રાજયના ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે રાજય સરકાર આપે છે વિશેષ સહાય : મંત્રી શ્રી બચુભાઈ ખાબડ

વર્ષ-૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ બનાસકાંઠામાં રૂ.૧.૪૬ કરોડથી વધુ અને પાટણમાં રૂ.૧.૫૪ કરોડથી વધુ રકમની સહાય ચૂકવાઇ

બનાસકાંઠાઅને પાટણ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી સહાય સંદર્ભે વિધાનસભા ગૃહમાંપૂછાયેલા પ્રશ્નનો જવાબઆપતા કૃષિ રાજ્ય મંત્રી શ્રીબચુભાઈ ખાબડેજણાવ્યું કે, રાજ્યના ખેડૂતોને ડ્રમ અને બે પ્લાસ્ટિકના ટૉકર(ટબ)ની ખરીદી માટે વિશેષ સહાય આપવાની યોજનાવર્ષ ૨૦૨૧-૨૨થીઅમલમાં છે. મંત્રીશ્રીએ વધુવિગતો આપતા કહ્યું કે,તા.૩૧મીડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ આ યોજનાહેઠળ સહાય મેળવવા માટે બનાસકાંઠા જિલ્લામાં ૭૪૫૨ અરજીઓ અને પાટણ જિલ્લામાં૯૬૮૨ અરજીઓ મળી હતી. વર્ષ ૨૦૨૨-૨૩માંઆયોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૭૩૧૯અરજીઓ મંજૂર કરી રૂ.૧.૪૬ કરોડથી વધુ રકમની સહાય અને પાટણ જિલ્લામાં ૭૭૦૭ અરજીઓ મંજૂર કરી રૂ.૧.૫૪ કરોડથી વધુરકમની સહાય ચુકવવામાં આવી છે. તેવીજ રીતેવર્ષ ૨૦૨૩-૨૪માંતા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ૧૯૭૫અરજીઓ મંજૂર કરી રૂ.૩૯.૫૦લાખની સહાય ચુકવવામાંઆવી છે. એટલું જ નહિ, યુક્ત સ્થિતિએ કોઈ અરજીઓ પડતર નથી.

બીના પટેલ

આણંદ સ્થિત રોટરી કલબ આણંદ રાઉન્ડ રાઉન દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુકતભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત છ-દ્વજીઝ઼ૐછરૂ દ્વૈઈ઼ ઈદ્રઢ ૠ કીટ વિતરણ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, રોટરી કલબના ગવર્નર શ્રીનિહિરભાઈ દવે, પ્રેસિડન્ટ શ્રી પરેશભાઈ ઠક્કર, ઝ઼દ્ધૐ શ્રી દિપકભાઈ પરમાર, સેક્રેટરી શ્રીગગનભાઈ પંજાબી, દાતાશ્રી ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી તારાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

"સર્ટીફીકેશન ઈન ફૂડ એન્ડ ન્યુટ્રીશન" કોર્સમાં રાજકોટ મધ્યસ્થ જેલના ૧૦ બંદીવાનો ઉત્તીર્ણ થયા

રાજકોટ

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "સર્ટીફીકેશન ઈન ફૂડ એન્ડ ન્યુટ્રીશન"(સી.એફ.એન.) કોર્ષની પરીક્ષામાં રાજકોટ મધ્યસ્થ જેલનાદસ બંદીવાનો ઉતીર્ણ થયાહતા. જેલના અધિક્ષકશ્રીએ ઉત્તીર્ણ થયેલ બંદીવાનોને સર્ટિફિકેટ આપી શુભેચ્છા પાઠવી હતી. આ કોર્ષમાંજેલના કેદીઓનેપોષણક્ષમઆહાર, શરીરને તંદુરસ્ત અને મજબુત બનાવવા અંગેનું શિક્ષણ આપવામાં આવે છે. તેમજ ધાન્ય, શાકભાજી અને ફળોની પસંદગી, ભોજનની પદ્ધતિઓ, ઉપભોક્તાના અધિકારો, સલામતી અને શિક્ષણ સહિતનીબાબતો આવરીલેવામાં આવે છે. મધ્યસ્થ જેલમાં રસોઈ વિભાગમાં કામ કરતાબંદીવાનો પાક કલામાંનિપુણ બને તેમજ સાથી બંદીવાનોને સ્વાસ્થ્ય વર્ધક ભોજનનો લાભ મળે તે માટે કેદીઓને આ કોર્સકરાવવામાં આવ્યો હતો.

'વન નેશન વન રાશન' થકી દેશનો નાગરિક ભારતના કોઈપણ અન્ય સ્થળેથી અનાજ મેળવી શકે છે: મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

કોરોનાકાળમાં કોઈપણ જરૂરિયાતમંદ પરિવારને ભૂખ્યા ન સૂવું પડે તે માટે અમારી સરકારે વિનામૂલ્યે અનાજ પૂરું પાડ્યું: અન્ન પુરવઠા મંત્રીશ્રી

ધારાસભ્યશ્રીના સંકલ્પની ચર્ચામાં સહભાગી થતા અન્ન પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં'વન નેશન વન રાશન'ના અમલીકરણથી ગુજરાતનો જરૂરિયાતમંદ નાગરિક ભારતના કોઈપણ અન્ય સ્થળેથી અનાજ મેળવી શકે છે. દેશભરમાં 'વન નેશન-વન રાશન'નું અમલીકરણ કરનાર પ્રથમ ચાર રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. આજે અનેક રાજ્યોમાંતેનું અમલીકરણ થઈ ચૂક્યુંછે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનોઆભાર વ્યક્ત કરતા કહ્યું કે, કોરોનાના કપરાકાળમાં દેશના કોઈપણ જરૂરિયાતમંદ પરિવારને ભૂખ્યા ન સૂવું પડે તે માટે અમારી સરકારે વિનામૂલ્યે અનાજ આપવાની શરૂઆત કરીહતી. વડાપ્રધાનશ્રીએ જાન્યુઆરી-૨૦૨૩થી આગામી પાંચ વર્ષ સુધી જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનોમહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મંત્રી શ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, વન નેશન વન રાશન કાર્ડ દ્વારાભારતના કોઈપણ જરૂરિયાતમંદ નાગરિકોને દેશના કોઈ પણ ખૂણેથી આ કાર્ડનો લાભ મેળવી અનાજ લઈ શકશે.આ કાર્ડ એ.ટી.એમ. કાર્ડની જેમ કામ કરશે જેમાં દેશના કોઈ પણ ખૂણેથી માત્ર બાયોમેટ્રિક પદ્ધતિથી અનાજ મેળવી શકાશે. આ કાર્ડ માટે અલગથી કોઈ કાર્ડ બનાવવાની જરૂર નહિ રહે પરંતુનાગરિકોપાસે જે રાશન કાર્ડ ઉપલબ્ધ છે તેના બાયોમેટ્રિકથી જતે લિંક થઈ જશે. મંત્રીશ્રીએ ઉમેર્યુંહતું કે વન નેશન વન રાશન કાર્ડમાં બે પ્રકારની પોર્ટેબિલિટી છે. જેમાં પ્રથમમાં ભારતનાં કોઈપણ રાજ્યના નાગરીકને અન્ય રાજ્યમાંથી પણ આ કાર્ડના માધ્યમ થકી અનાજ મળી શકશે. જ્યારે બીજીમાં એક રાજ્યના કોઈપણ જિલ્લામાંથી કાર્ડ મેળવ્યું હશે તો પણ અન્ય જિલ્લા કે તાલુકામાંથી પણ અનાજ મળી શકશે. આ કાર્ડ માટે એપ્લિકેશન પણ વિકસાવવામાં આવી છે જેમાં નાગરિકોને મળવાપાત્ર જથ્થો, મેળવેલ જથ્થો, અનાજની કિંમત, રસીદ, અનાજ મેળવનાર નાગરિકનું નામ સરનામું વગેરે જેવી તમામ સુવિધાઓ તેમાં ઉપલબ્ધ હશે. મંત્રીશ્રીએ સૌ ધારાસભ્યશ્રીઓને તેમના વિસ્તારના વધુમાં વધુ લોકો સુધી આ યોજનાનો લાભ પહોંચાડવા માટે સંકલ્પબદ્ધ થવાઅનુરોધ કર્યો હતો. ધારાસભ્ય શ્રી અભેસિંહ તડવી દ્વારા વિધાનસભા ગૃહ ખાતે સંકલ્પ રજૂ કરવામાં આવ્યો હતો કે, દેશનાજરૂરિયાતમંદ પરિવારોને ભારતસરકાર અનેરાજ્ય સરકાર દ્વારારાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળની વ્યાજબી ભાવની દુકાનેથી અનાજ વિતરણ કરવામાંઆવે છે. નાગરિકો દેશના કોઈપણ ખૂણેથી અનાજ મેળવી શકે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી 'વન નેશન વન રાશન'નું અમલીકરણ કરવામાં આવ્યુંછે. જે અંતર્ગત રાજ્યના છેવાડાના નાગરિકો સુધી આયોજનાનો લાભ પહોંચતો થાય તે માટે સંકલ્પ લેવામાંઆવ્યો હતો. "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩" હેઠળ રાજ્ય સરકાર દ્વારા સસ્તા અનાજનીદુકાનો દ્વારા ઘઉં, ચોખા, તેલ, ખાંડ, દાળ, કઠોળ વગેરે સબસીડીયુક્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાંઆવી છે. સભ્ય શ્રી અભેસિંહ તડવીએ જણાવ્યું હતું કે, દેશમાં અને રાજ્યમાં છઁન્અને ૈંન્કાર્ડ ધરાવતા કુટુંબો ખાસ કરીને શ્રમિક વર્ગના હોય છે. આવા લોકોને રોજગારી મેળવવાપોતાના વતનથીદૂર અન્ય સ્થળોએ સ્થળાંતર કરવું પડે છે. ક્યારેક જિલ્લા બહાર તો ક્યારેક રાજ્ય બહાર પણ રોજગારી મેળવવા જવું પડે છે. આવા સ્થળાંતર કરતા લોકોને સસ્તા અનાજની સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે "વન નેશન, વન રાશન કાર્ડ" યોજના બનાવી છે. તેમણે ઉમેર્યુંકે, શ્રમિકોરોજગારી મેળવવા કોઈપણ જગ્યાએ સ્થળાંતર કરે તો પણ રેશન કાર્ડ ધરાવતા લોકોને સરકારી અનાજ વિતરણની વ્યવસ્થાનો લાભ આપવાના દ્રઢ નિર્ધાર સાથે ઓગષ્ટ- ૨૦૧૯માં "એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ" એટલે કે "વન નેશન, વન રાશન કાર્ડ" યોજના અમલમાં મૂકવામાં આવી. તેમાં ગુજરાત રાજ્યને પાયલોટપ્રોજેક્ટ તરીકે પસંદ કરીને ગુજરાતઅને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાંમૂકવામાં આવી. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાતમંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે "વન નેશન, વન રાશન કાર્ડ" એટલે કે દ્વૈઈઝ઼ની જાણકારી તમામ નાગરિકો સુધી પહોંચે તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર કરવાઅને છેવાડાના માણસને યોજનાથી લાભાન્વિત બનાવવા માટે અસરકારક પગલાં લેવા સભ્યશ્રીએ અનુરોધ કર્યો હતો.

રાકેશ વાળા

જવાહર નવોદયવિદ્યાલય બોરખડીખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના સાયન્સના મોડલપ્રદર્શિત કર્યાવિજ્ઞાન પ્રદર્શનનું આચાર્યશ્રી દિપકકુમાર વર્માએ ઉદ્દઘાટન કર્યું કાર્યક્રમને સફળબનાવવા બાયોલોજી શિક્ષક આસીફ પરવેઝ, કેમેસ્ટ્રી શિક્ષિકાશિલ્પા યાદવ, ફિઝિક્સ શિક્ષિકાસોનલ નાયર, વિજ્ઞાન શિક્ષિકારચના રંજને જહેમત ઉઠાવીહતી આભારવિધિ વરિષ્ઠ શિક્ષક દાનારામ સિરવીએ કરી હતી.આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ કરવામાંઆવ્યું હતુંસમગ્ર કાર્યક્રમનુંસંચાલન કે.એન. પરમાર હિન્દી શિક્ષકે કર્યું હતું.

વિધાકુંજ વિધાલય વિરપુર શાળામાં ધોરણ ૧૦ અને ૧૨ના બાળકોનો વિદાય સભારંભ SRP પોલીસ જવાનના અધ્યક્ષ સ્થાને યોજાયો.

રાકેશ વાળા

કલાનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિધાકુંજ વિદ્યાલય વિરપુર ખાતે ધોરણ ૧૦/૧૨ ની બોર્ડની પરીક્ષાઆપનાર કન્યાઓને વિદાય શુભેચ્છા સભારંભ જીઈ વાવના પોલીસ જવાન સ્વાસ્તિકભાઈ ગામીતઅને તેમની માતા ચંપાબેન ગામીત ના અધ્યક્ષ સ્થાને યોજાયો વિધાકુંજ વિદ્યાલય શાળાના આચાર્ય શ્રી કેતનભાઈ શાહ દ્વારા તેઓનું પુષ્પગુચ્છ થી સમ્માન કર્યું. આવકાર આપ્યો. અધ્યક્ષ તરફથીશાળામાંથી બોર્ડની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓને નોટબુક/ પેન્સિલ/કંપાસ/પાટિયું પરીક્ષાલક્ષી ઉપયોગી ભેટ અર્પણ કરી વિશિષ્ઠ રીતે શુભેચ્છા આપી. બાળકોને પરીક્ષામાં પાસ થવા બાબતે માર્ગદર્શન આપ્યું. વિદાય વસમી હોય છે પરંતુ જીવનમાં ઉન્નતી કરવા માટે સ્થળો તો બદલાતા રહે છે. પરંતુ આપણા

વિચાર અને વિવેક જ સિધ્ધી બક્ષે છે. સૌનેશાળા પરિવારવતી તમામ દીકરીઓને પરીક્ષા માટે ખૂબ શુભેચ્છા સાથે એડવાન્સમાં પાસ થશો જ તે બદલ અભિનંદન પણ પાઠવવામાં આવે છે. ગત વર્ષે પણ શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. તો ચાલુ વર્ષે પણ તમામ બાળકો ઉતીર્ણ થાય તેવી શુભેચ્છા પાઠવવામાં આવી. અંતે સૌ બાલકોન અલ્પાહાર કરાવી છુટા પડ્યા.

જિલ્લા કલેકટરશ્રી ડૉ વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને જિલ્લાના બેંક અધિકારીઓની DLRC/ DLCC ની રિવ્યૂ બેઠક યોજાઇ

તાપી જિલ્લાનો રૂ.૨૫૫૩ કરોડના વાર્ષિક ક્રેડિટ પ્લાનને જિલ્લા કલેકટરશ્રી ડો વિપિન ગર્ગના હસ્તે લૉચ કરાયો

રાકેશ વાળા

તા.૨૮ તાપી જિલ્લા કલેકટરશ્રી ડૉ વિપિન ગર્ગના અધ્યક્ષપદે કલેકટર કચેરી ના સભાખંડખાતે તાપીજિલ્લાના બેંક અધિકારીઓની દ્વન્ઈઝ઼/દ્વન્ઝ઼ઝ઼ ની રિવ્યૂ મીટીંગ યોજાઈ હતી. આ બેઠક દરમ્યાન વર્ષ ૨૦૨૪-૨૫નો રૂ.૨૫૫૪ કરોડનો વાર્ષિક ક્રેડિટ પ્લાન લીડ બેંક દ્વારા રજૂ કરવામાં આવેલહતો.જેને જિલ્લા કલેકટરશ્રી ડો વિપિન ગર્ગના હસ્તે લૉંચ કરાયોહતો. જે અંતર્ગત તાપી જિલ્લામાંઆવેલ કુલ ૨૬ બેંકોની ૮૯ શાખાઓ દ્વારા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન રૂ ૨૫૫૪ કરોડનું વિવિધ ક્ષેત્રમાં ધિરાણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં રૂ.૪૧૦ કરોડખેતી અને ડેરી સેક્ટર, રૂ.૧૧૨૨ કરોડ કિસાન ક્રેડિટ કાર્ડ, રૂ.૩૮૦. કરોડ સ્જીસ્ઈ સેક્ટર, રૂ. ૧૬ કરોડ શિક્ષણ, રૂ. ૩૧ કરોડ હાઉસિંગ સેક્ટરમાં ધિરાણ આપવામાં આવશે. આ પ્રસંગેજિલ્લા કલેક્ટર ડો.વિપિન ગર્ગ એ જણાવેલ હતું કે વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ્યારે ભારત દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂરા કરીને અમૃતકાળ માંથી પસાર થઈ રહ્યો છે અને વડા પ્રધાનશ્રીનું મિશન છે કે ભારત ને ૨૦૪૭ માં વિકસિત રાષ્ટ્ર બનાવવુ ત્યારે તાપી જિલ્લાના દરેક લોન વાંચ્છુઓને સસ્તા દરે લોન જિલ્લાની વિવિધ બેંકો દ્વારા પ્રાપ્ત થઈ રહે અને તેમણે વ્યાજખોરોની ચુંગલમાંથી બચાવી શકાય તથા ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન મળે તથા પશુપાલન વ્યવસાયને વધુ વેગ મળે તે માટે પશુ પાલકોને કિસાન ક્રેડીટકાર્ડ ઈસ્યુ કરવા બેંકોને અનુરોધ કરેલ હતો. અધિક નિવાસી કલેકટર શ્રી બોરડ દ્વારા જિલ્લામાં દરેક સેક્ટરમાં વાર્ષિક લક્ષ્યાંક સરપાસ થાય તેવી બેંકો ને અપીલ કરવામાં આવેલ હતી. આ પ્રસંગેજિલ્લા ગ્રામવિકાસએજન્સી ના ડાયરેકટર શ્રીમતિ ખ્યાતિ પટેલે જણાવ્યું હતું કે નવા વર્ષ માં સેલ્ફ હેલ્પ ગ્રુપને વધુને વધુ બેંકો દ્વારા લોન ધિરાણ પ્રાપ્ત થાય અને મિશન મંગલમ દ્વારા લક્ષ્યાંક હાંસલ થઈ શકે. લીડ બેંક મેનેજર શ્રી રસિક જેઠવાએ જણાવ્યું હતું કે તાપી જિલ્લામાં કુલ ૨૬ બેંકો ની ૮૯ શાખાઓ કાર્યકરી રહેલછે. દરેક શાખાઓ દ્વારા વધુને વધુ લોકો ના ઁસ્તદ્વરૂછ/ઝ઼ ખૂલે તેમજ સરકારશ્રી ની માઈક્રો ઈનસુરેન્સ જેવી કે ઁસ્તત્નમ્રૂ અને ઁસ્તજીમ્રૂ નું એનરોલમેન્ટ થાય અને ખાતા ધારકો ને વીમા સુરક્ષા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ પ્રસંગે આરબીઆઈના રાહુલ સૈનીએ દરેક બેંકોને ઈકો ડિજિટલ સિસ્ટમ પર ભાર મૂકીદરેક ગ્રાહક ને ઓછામાં ઓછી એક ડિજિટલ પ્રોડક્ટઆપવાતથા ફાયનાન્સિયાલ અવરનેસ ફેલાય તે માટે પ્રયત્ન કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં નાબાર્ડ ના કુતલ સુરતી તથા આરસેટી ડાયરેકટર શ્રી કિરણ સાતપૂતે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અધિકારીવ્યારાસોનગઢનગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ તથા વિવિધ બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspaper-28-02-2024

વિધાનસભા ખાતે ઉર્જાવિભાગની અંદાજપત્રીય માંગણીઓ સંદર્ભે માનનીય ઉર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની સ્પીચ

સમગ્રવિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જની વિપરીત અસરોનો સામનો કરી રહ્યું છે ત્યારે વિશ્વનેતા અને માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીએ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કોલસો ગેસ જેવા પ્રદૂષણ કરતા બળતણનો ઉપયોગ ઓછો કરવા અને ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા માટે ક્લીન અને ગ્રીન એનર્જી દ્વારા 'ગ્રીન ગ્રોથ' પર ખાસ ભાર મૂક્યો છે. વડાપ્રધાનશ્રીના આ આહવાનને સિધ્ધ કરવા બિનપરંપરાગત ઊર્જાના વિકલ્પો શોધવા આવશ્યક છે. આપણે રીન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજન-ગ્રીન એમોનિયા દ્વારા 'એનર્જી સીકયોરીટી', 'ક્લીન એનર્જી' અને 'નેટ ઝીરો કાર્બન' એમ ત્રણેય લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરુ કરવામાં આવેલા 'મિશન ગ્રીન હાઈડ્રોજન' અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં પાંચ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનુ ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે, જેમાં પણ ગુજરાત મહત્ત્વનું યોગદાન આપશે. ગુજરાત રાજયમાં 'રીન્યુએબલ એનર્જીના સ્ત્રોત' વિપુલ માત્રામાં ઉપલબ્ધ છે જેના થકી 'ગ્રીન હાઈડ્રોજન' અને 'ગ્રીન એમોનિયા'નું ઉત્પાદન કરવાની ક્ષમતા રહેલી છે. રાજયમાં નિકાસ કરવા માટેની પૂરતી માળખાકીય સુવિધા અને વ્યવસ્થા ઉપલબ્ધ છે જેથી ગુજરાત રાજય ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે 'હબ' બનવાની ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ-૨૦૩૦માં નિર્ધારીત કરવામાં આવેલ '૫૦૦ ગીગાવોટ ગ્રીન એનર્જીના લક્ષ્યાંકને' પહોંચી વળવા ગુજરાત રાજય પણ અંદાજીત ૧૦૦ ગીગાવોટ કેપેસીટી સ્થાપિત કરવા માટે કટિબધ્ધ છે. જેનાથી રાજયના સસ્ટેનેબલ વિકાસ અને ઊર્જા સુરક્ષાને વેગ મળશે તથા સસ્તા દરે વીજળી પણ ઉપલબ્ધ થશે. મધ્યમ તેમજ નાના રહેણાંક ગ્રાહકો સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ લઈ શકે તેમજ દેશની ઊર્જા જરૂરિયાતને પહોંચી વળવામાં મહત્વનો ફાળો/યોગદાન આપી શકે તે માટે માન. મોદીજી દ્વારા તાજેતરમાં જ પી.એમ. ''સૂર્ય ઘર'' યોજના જાહેર કરેલ છે. જે થકી સમગ્ર દેશમાં ૧ કરોડ ઘરો પર સોલાર રૂફ ટોપ સ્થાપીત કરવાનું આયોજન છે. ગુજરાત રાજય રહેણાંક શ્રેણીમાં સોલાર રૂફ ટોપ સ્થાપિત કરવામાં ૮૨ ટકાના ફાળા સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. ત્યારે પી એમ. સૂર્ય ઘર યોજનાનો મહત્તમ લાભ લઈ રાજયમાં વધારેમાં વધારે સોલાર રૂફ ટોપ સ્થાપીત કરવામાં આવશે.ભારત સરકારની સાથે કદમ મીલાવી અમારી ડબલ એન્જીનની સરકાર રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતને હબ બનાવવા સતત કામ કરી રહી છે. તેના ભાગરૂપે ઊર્જા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અમે તાજેતરમાં 'નવીઈઈૈંઽ્રઅ-૨૦૨૩ જાહેર' કરી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટ-૨૦૦૩' થકી તેમણે અવિરત વિકાસ યાત્રાની જે કેડી કંડારી હતી. તેમાં આગળ વધતા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની અમારી ટીમ ગુજરાતે 'વાયબ્રન્ટ ગુજરાતની ૧૦મી આવૃત્તિ' તાજેતરમાં જ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સમિટમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે આશરે ૨૯૫ જેટલા એમ.ઓ.યુ. થયેલ જેના થકી અંદાજીત રૂ. ૧૧ લાખ કરોડથી પણ વધુ રોકાણ ગુજરાતમાં થનાર છે અને અંદાજીત ૪ લાખ ૫૦ હજાર લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી મળવાની સંભાવના રહેલ છે. જે રાજયની અર્થ વ્યવસ્થાને વેગ આપવાની સાથે સાથે રાજયની એનર્જી સિકયોરીટી (ઊર્જા સુરક્ષા) પણ સુનિશ્ચિત કરશે. ઓકટોબર- ૨૦૧૮માં આયાતી કોલસાનો ભાવ રૂ. ૭૩૫૮ પ્રતિ મેટ્રિક ટન જેટલો હતો, જે ઓકટોબર ૨૦૨૨ માં રૂ. ૨૭૪૭૩ પ્રતિ મેટ્રિક ટન જેટલો થઈ ગયેલ. આ વિકટ પરિસ્થિતિમાં પણ કેન્દ્રસરકારના સહયોગથી અમારી ડબલ એન્જીનની સરકારે રાજયમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ થવા ન દઈ રાજયના ખેડૂતો સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો પૂરો પાડયો છે. વર્ષ-૨૦૦૨માં ગુજરાત રાજયનો ઁીિ ષ્ઠટ્ઠૅૈંટ્ઠ ષ્ઠહજેદ્બૅં ૯૫૩ યુનિટ હતો જે આજે વધીને ૨૪૦૨ યુનિટ થયેલ છે, જે વીજ વપરાશમાં તથા ઉપલબ્ધતામાં થયેલ સતત વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ-૨૦૦૨માં રાજયની મહત્તમ વીજ માંગ ૭૭૪૩ મે.વો. હતી જે વર્ષ-૨૦૨૩માં વધીને ૨૪,૫૪૪ મે.વો. થયેલ છે. છેલ્લા ૨૧ વર્ષમાં વીજ માંગમાં થયેલ ૩ ગણો વધારો રાજયના સર્વાંગી વિકાસની સાથે સાથે વિકાસમાં વીજળીની અગત્યતા દર્શાવે છે. આટલા મોટા પ્રમાણમાં વીજ માંગ હોવા છતાં પણ અમે વિના વિક્ષેપ રાજયના નાગરિકોને સતત અને ગુણવત્તાયુક્ત વીજ પૂરવઠો ઉપલબ્ધ કરાવેલ છે. જયારે પણ કેન્દ્ર સરકારના સહયોગની રાજયના વિકાસ માટે જરૂર પડી ત્યારે માન. કેન્દ્રિય સહકારિતા અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબનો સંપૂર્ણ સહયોગ મળેલો છે. એ પછી કોલસાનો જથ્થા માટે હોય કે પછી સેન્ટ્રલ સેકટર તરફથી પાવર સપ્લાય માટે હોય. એમના તરફથી આપણને સતત મદદ અને માર્ગદર્શન મળતું રહેલ છે આથી, આ તબક્કે હું શ્રી અમિતભાઈ શાહનો પણ આભાર વ્યકત કરું છું. હજુ પણ સતત વધતી આર્થિક વિકાસની ગતિ તેમજ સામાજીક સુવિધાઓને લીધે વીજળીની જરૂરિયાતમાં ઘણો વધારો થવાનો અવકાશ છે જેને પહોંચી વળવા અમે આગોતરા આયોજનો કરેલ છે. 'રીન્યુએબલ એનર્જી' દરેક સમયે ઉપલબ્ધ ન હોવાના કારણે 'ગ્રીડની સલામતી તથા વિશ્વસનીય વીજળી' પૂરી પાડવા ફોસીલ ફયુઅલ આધારિત થર્મલ પાવર પ્રોજેકટસની પણ જરૂરીયાત રહે છે. આથી રાજયની અવિરત વિકાસ યાત્રામાં વધતી જતી વીજળીની માંગને પહોંચી વળવા, રાજય સરકાર હસ્તકની વિવિધ કંપનીઓ દ્વારા આગામી વર્ષોમાં કુલ-૮૦૫૦ મેગાવોટની વીજ ક્ષમતામાં વધારો કરવાનું આયોજન છે. 'ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમીટેડ' દ્વારા સુપર ક્રિટીકલ થર્મલ પાવર પ્લાન્ટ થકી '૨૪૦૦ મેગાવોટની' વીજ ક્ષમતા વધારવાનું આયોજન છે. રાજય સરકાર હસ્તકના જાહેર સાહસ ય્જીઝ્રઝ્રને ઓરીસ્સા રાજયમાં કુલ-૨ કોલબ્લોકની ફાળવણી કરવામાં આવેલી છે. જે અંતર્ગત સુપર ક્રિટીકલ થર્મલ પાવર પ્લાન્ટ થકી ૪૪૦૦ મેગાવોટની વીજ ક્ષમતા પ્રાપ્ત કરી ગુજરાત રાજયના ગ્રાહકોની ભવિષ્યની વીજ માંગને પૂરી પાડવાનું આયોજન વિચારેલ છે. રાજયમાં ઉપલબ્ધ લિગ્નાઈટના જથ્થાને વાપરી આશરે ૧૨૫૦ મેગાવોટ લિગ્નાઈટ આધારિત પાવર પ્લાન્ટ કચ્છ, ભાવનગર તેમજ ભરૂચ નાંખવાનું આયોજન છે. અમારી સરકાર હંમેશા ખેડુતોની સાથે રહી છે અને ખેડૂતોને ૯૦% થી વધુ રાહત દરે વિજળી પુરી પાડી રહી છે તેમજ ઈલેકટ્રીસીટી ડયુટી ભરવામાંથી માફી આપવી, રાહતદરે વીજ કનેકશન આપવું જેવાં અનેક ખેડૂતલક્ષી પગલાંઓ લેવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી ''કિસાન સૂર્યોદય યોજના'' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વિજળી આપવા વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં રૂ. ૧૫૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવા ખૂબજ મહત્વની બાબતો જેવી કે (૧) હયાત વીજ માળખાનું સુદ્રઢીકરણ અને (૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન ઉપર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત જયાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પીયત માટે ડિઝલથી ચાલતા પંપસેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડએલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય કરવામાં આવે છે. કેનાલ, તળાવો, નદી, ખાડી, ડેમ, ચેકડેમ, સુજલામ-સુફલામ અંતર્ગતની ખેત તલાવડી તેમજ અન્ય વરસાદી સ્ત્રોતોના માધ્યમથી સિંચાઈ માટે વીજ જોડાણ આપવાની ખેડૂતોની રજૂઆત હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ અમારી સરકારે સરફેસ વોટરનો ઉપયોગ કરનાર ખેડૂતોને ખેતરમાં વધુ એક વીજ જોડાણ આપવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. વનવિસ્તારના સામાન્ય યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનો-કોમર્શિયલ વાયેબલ ન હોય તે વિસ્તારના અરજદારોને સોલાર પંપસેટ માટે ભરવાપાત્ર ફાળાની જગ્યાએ નહિવત ફાળો ભરવાનો અને બાકીનો ખર્ચ રાજય સરકાર દ્વારા વધારાની સબસીડીરૂપે આપવામાં આવે છે તથા આદિજાતિ યોજનાના અરજદારોએ કોઈ ફાળો ભરવાનો રહેતો નથી. આ યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૧૫૨.૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. કાર્યક્ષમ વીજ વિતરણથી રાજયના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણાવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે કેન્દ્ર સરકારે 'રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ' જાહેર કરી છે. આ માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૧૨૮૪.૯૧ કરોડની જોગવાઈ કરી છે.

ઇઙ્ઘજીજી યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાષ્ટ્રીય સ્તરે ''વિજ વિતરણ લોસ ૧૨ થી ૧૫%'' તેમજ ગુજરાતમાં ''૧૦.૫૦% સુધી'' ઘટાડવાનું આયોજન છે. ઇઙ્ઘજીજી યોજનાથી સ્માર્ટ મીટરીંગ, વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળશે તેમજ વીજ વિતરણ કંપનીઓની માળખાકીય સુવિધામાં વધારો થશે અને નાણાંકીય વ્યવસ્થા સુચારુ બનશે. સાગરખેડૂ વિકાસ યોજના હેઠળ ટ્રાન્સમિશન નેટવર્કના સુદ્રઢીકરણ માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારોમાં અંદાજીત '૪૬૫.૭૬ કરોડના' ખર્ચે ૧૨,૯૪૫ કૂવાનું વીજળીકરણ કરવાનું આયોજન છે. આદિજાતિ વિસ્તારોમાં ૧૮ નવા સબસ્ટેશનો બનાવવા અને તેને સંલગ્ન વીજ પ્રવહન લાઈનોની કામગીરી માટે રૂ. ૧૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

'અનુસૂચિત જાતિના' અંદાજીત ૫,૪૯૫ લાભાર્થીઓના ઘરોનું વીજળીકરણ કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં 'અનુસૂચિત જાતિ'ના અંદાજીત ૭૧૦ ખેડૂતોને ખેતીવિષયક વીજજોડાણ આપવાનું આયોજન છે. નગરપાલિકા, મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તા મંડળ વગેરે વિસ્તારોમાં રસ્તાઓના વિસ્તૃતીકરણ અથવા હયાત રસ્તાઓ પર અડચણરૂપ હયાત વીજ વિતરણ રેષાઓ અને સંલગ્ન વીજમાળખાનું શીફ્ટીંગ/રીપ્લેસમેન્ટ કરવા માટે ઁેંજીજી (ઁેહ્વઙ્મૈષ્ઠ ેંૈંઙ્મૈંઅ જીરૈકંૈહખ્ત જીષ્ઠરીદ્બી) યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા અને જીવ સુરક્ષા સુનિશ્ચિત કરવા ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ કેબલમાં તબદીલ કરવા વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ખેડૂતોને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે માટે જર્જરિત વીજવાયરો અને આનુષાંગિક ઉપકરણો બદલવાની કામગીરી ઉપરાંત ખેતીવિષયક ફીડરોનાં વિભાજનની કામગીરી માટે રૂ. ૭૫.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

તાઉતે અને બીપોરજોય જેવા વિનાશક વાવાઝોડાઓનો ગુજરાતે સામનો કર્યો છે. તે સમયે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ દ્વારા કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ અને સતત માર્ગદર્શન આપવામાં આવેલ અને આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની બેઠક કરી સમગ્ર વહિવટીતંત્રને કામે લગાડેલ અને સમગ્ર તંત્રએ કરેલી અદભૂત કામગીરીની હું પ્રશંશા કરૂં છું. મને કહેતા ગર્વ થાય છે કે, આટલું વિનાશક વાવાઝોડુ અને તેના લીધે અપાર નુકસાન થયેલ હોવા છતાં ૭૨ કલાકમાં જ આપણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દીધેલો. આ અનુભવ બાદ આવી કુદરતી આપત્તિઓના સમયે વીજ ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન ન થાય અને વીજ પુરવઠો ખોરવાઈ ના જાય તે હેતુથી ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ માળખાને સાયકલોન પ્રતિરોધક બનાવવા સારૂ વર્ષઃ ૨૦૨૪/૨૫ માં રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

વીજ પ્રવહન ક્ષેત્ર વીજ ક્ષેત્ર (ટ્રિહજદ્બૈજજૈહ ઙ્મૈ)

• સને ૨૦૦૨ પહેલાં વર્ષમાં ૧૬ થી ૧૭ સબસ્ટેશન બનતા હતા. અમે છેલ્લા ૧૨ વર્ષથી દર વર્ષે અંદાજે ૯૫ જેટલા સબસ્ટેશનો બનાવીએ છીએ. તેને આગળ વધારતાં આગામી વર્ષે ૩૮૪૦ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઈન તથા ૯૫ સબસ્ટેશનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે, જે માટે રૂ. ૪૮૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

• 'સમગ્ર ભારતમાં' ૩૧ જાન્યુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ ૪૪,૯૬૯ મેગાવોટ ક્ષમતા ના વિન્ડ પાવર પ્રોજેકટો સ્થાપવામાં આવેલ છે. જે પૈકી '૧૧૨૨૪ મેગાવોટ' ની ક્ષમતા સાથે ગુજરાત પ્રથમ સ્થાને છે. જે દેશમાં સ્થપાયેલ પ્રોજેકટના આશરે ૨૪.૯૬ ટકા જેટલા થાય છે.

• રાજયમાં ૩૧ જાન્યુઆરી–૨૦૨૪ ની સ્થિતિએ સ્થાપિત સોલાર પ્રોજેકટોની વીજક્ષમતા ૧૦૫૪૯ મેગાવોટ છે, જે આશરે ૧૪.૨૦ ટકાના યોગદાન સાથે દેશમાં દ્વિતિય સ્થાને છે.

• રાજ્યના રિન્યુએબલ એનર્જી પ્રોજેકટોની કુલ સ્થાપિત ક્ષમતા '૨૩,૯૬૭ મેગાવોટ' જે દેશમાં બીજા સ્થાને છે. છે. જે સમગ્ર દેશની કુલ સ્થાપિત ક્ષમતા ૧,૮૨,૦૨૭ મેગાવોટની સાપેક્ષે ૧૩.૧૭ ટકા જેટલી છે.

• ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન ખાતે ૮૦૦ મેગાવોટ ક્ષમતાનો સુપર ક્રિટીકલ થર્મલ પાવર પ્રોજેકટ, ૧૧૨૫ મેગાવોટ ક્ષમતા ના સૌર ઊર્જા એકમ અને ૧૮૦૦ મેગાવોટ ક્ષમતા ના તરતા સૌર ઊર્જા એકમો (ફ્લોટીંગ સોલાર) ની સ્થાપના કરવાનું આયોજન છે. જે માટે સંયુકત રીતે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

• રાજયના કેટલાક વીજ મથકોનું આધુનિકીકરણ કરવા ખૂબ જ જરૂરી છે જેથી વીજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય અને વીજ મથકોની અવધિમાં પણ વધારો થાય. સદર કામગીરી માટે રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગેસ ક્ષેત્રઃ-

• આપણાં દેશની એલ.એન.જી. ટર્મિનલ રિ-ગેસીફીકેશન ક્ષમતા ૪૨.૭ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. જે પૈકી અંદાજે ૬૫ ટકા એટલે કે ૨૭.૭ મેટ્રિક ટન પ્રતિ વર્ષની ક્ષમતા ગુજરાતમાં કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર દેશમાં આયાત થતા એલ.એન.જી.નો ૮૫ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાતનો છે.

• ય્જીઁઝ્ર સમગ્ર દેશમાં ગેસનો વેપાર કરતી બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં ય્જીઁઝ્રએ પ્રતિ દિન ૧૧.૮ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર કુદરતી ગેસનું વેચાણ કર્યું છે.

ગેસ ટ્રાન્સમિશનઃ-

• ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ દ્વારા ૨૭૧૫ કિલોમીટર ટ્રાન્સમિશન પાઈપલાઈન નેટવર્ક થકી રાજયના મોટાભાગના જિલ્લાઓમાં નેચરલ ગેસનો પુરવઠો ઘરેલુ ગેસ જોડાણ, વ્યાપારી અને ઔદ્યોગિક એકમો તથા સી.એન.જી. સ્ટેશનોને પૂરો પાડવામાં આવે છે.

• જીએસપીએલ અને તેની પેટા કંપનીઓ દ્વારા ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, આંધ્રપ્રદેશ, તેલંગણા વગેરે રાજ્યમાં નેચરલ ગેસ સપ્લાય કરવામાં આવે છે. તેમજ વિસ્તૃતીકરણનું આયોજન પણ ચાલી રહ્યું છે.

ગેસ ડિસ્ટ્રીબ્યુશનઃ-

• ગુજરાત ગેસ લિમિટેડ ભારતની સૌથી મોટી ગેસ વિતરણ કંપની છે. જેણે ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ગુજરાતના ૨૦ જિલ્લા આવરી લીધા છે.

• ગુજરાત ગેસે આશરે ૩૧,૬૦૦ કિલોમીટર લાંબા શહેરી ગેસ વિતરણ (ઝ્રય્ડ્ઢ) નું નેટવર્ક સ્થાપ્યું છે અને ૫૪૭ ઝ્રદ્ગય્ સ્ટેશન સ્થાપ્યા છે.

• ગુજરાત ગેસ ઁદ્ગય્ ગેસનું આશરે ૧૮ લાખ ૨૨ હજાર ઘરેલુ ગ્રાહકોને વિતરણ કરે છે તેમજ ૪૧૭૭ ઔદ્યોગિક એકમ અને ૧૩ હજાર ૭૦૮ વ્યાપારી એકમને ગેસ પુરો પાડે છે.

• ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૫૯ જેટલા સ્મશાનગૃહમાં વિના મુલ્યે ઁદ્ગય્ ગેસ પૂરો પાડવામાં આવી રહયો છે.

• સાબરમતી ગેસ લિમિટેડ એ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ગુજરાતના ૫ જિલ્લા આવરી લીધા છે.

• આ કંપનીએ ૧૫૯ ઝ્રદ્ગય્ સ્ટેશન સ્થાપ્યા છે તેમજ ઁદ્ગય્ ગેસનું આશરે ૨.૬૫ લાખ ઘરેલુ ગ્રાહકોને વિતરણ કરે છે તેમજ ૪૧૯ ઔદ્યોગિક એકમ અને ૧,૧૧૭ વ્યાપારી એકમને ગેસ પુરો પાડે છે.

નૂતન સાયન્સ એન્ડ કોમર્સ કોલેજખાતે રાષ્ટ્રીય વિજ્ઞાાન દિવસની ઉજવણી

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એસ. એસ. પટેલ નૂતન સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ૨૮/૦૨/૨૦૨૪ ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામા આવી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓ જેમકે પોસ્ટર પ્રેઝન્ટેશન, રંગોળી પ્રતિયોગિતા, મોડલ મેકિંગ પ્રતિયોગિતા તેમજ સાયન્સટૂન પ્રતિયોગિતા નું આયોજન કરવામાં આવેલુ, આ સ્પર્ધાઓ માં મ્.જીષ્ઠ., મ્.ર્ષ્ઠર, સ્.જીષ્ઠ. તેમજ ૨.ઙ્ઘ. ના આશરે ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો. આ પ્રસંગે યુનિવર્સીટી ના પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની સાહેબે એમના સંબોધન માં ભારતીય વિજ્ઞાન ની મહત્વતા સમજાવી હતી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ના સફળતાપુર્વક આયોજન બદલ યુનિવર્સીટી ના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની, રજીસ્ટ્રાર ડો પરિમલ ત્રિવેદી તેમજ નૂતન સર્વ વિદ્યા કેળવણી મંડળ ના ટ્રસ્ટી મંડળ ના સર્વ સભ્યોએ નૂતન સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ના પ્રીન્સીપાલ ડો. ચિરાગભાઈ પટેલ, પ્રસંગના કોર્ડીનેટર ડો. ધર્મેન્દ્ર પ્રજાપતિ, ડો. અનિલ પટણી તેમજ તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ છે.

ભરૂચ જિલ્લાના નેત્રંગના ચાસવડના કસ્તુરબા સેવાશ્રમ, મરોલી સંચાલિત આશ્રમશાળા ખાતે રાજ્યપાલશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હોલ તથા ઔષધ બાગનું લોકાર્પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વરદહસ્તે કરાયું

ભરૂચ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે નેત્રંગના ચાસવડ ખાતે કસ્તુરબા સેવાશ્રમ, મરોલી આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હોલ તથા ઔષધ બાગના લોકાર્પણનો પ્રસંગ યોજાયો હતો. આ અવસરે 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીના વરદહસ્તે નાના અને સીમાંત ખેડૂતોને ગૌદાન પણ કરવામાં આવ્યું હતું. 'પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ'માં રાજ્યપાલશ્રીએ સંબોધનને બદલે ઉપસ્થિત કૃષિકારો સાથે પારસ્પરિક સંવાદ સાધીને રાસાયણિક અને જૈવિક ખેતીને બદલે પ્રાકૃતિક કૃષિથી થતા લાભાલાભ વિશે વિશદ્ સમજ આપી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો જેવા કે ડીએપી, યુરિયા અને જંતુનાશક દવાઓના વધારે વપરાશથી રાસાયણિક ખેતી કરીને આપણે આપણી પ્રાકૃતિક કૃષિની સમતુલા ખોરવી નાખી છે. આબોહવામાં પરિવર્તન થઈ રહ્યું છે. જળવાયુ ખરાબ કરવાનું કાર્ય રાસાયણિક ખેતી કરી રહી છે. ધરતીનું તાપમાન દોઢ ડિગ્રી વધી ગયું છે. એક ડિગ્રી તાપમાન વધશે તો લાખો કરોડો ટન ખેતરમાં અનાજનું ઉત્પાદન ઓછું થઈ જશે. તેમ તેમણે કૃષિ પ્રત્યેની ચિંતા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આપણે સારુ સ્વાસ્થ્ય જાળવવુ હશે તો સારો સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો પડશે. સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન પ્રાકૃતિક કૃષિ દ્વારા જ મળશે. જંગલમાં જે વૃક્ષો હોય છે, તેમાં તમામ પ્રકારના ખનીજતત્વો હોય છે. કુદરતી રીતે જ તેમાં તમામ પ્રકારના તત્વો ઉમેરાય છે. આ જ પ્રકારના તત્વો આપણી ખેતીમાં અને આપણા ખેત ઉત્પાદનમાં ઉમેરાય તેઅંગેનું અભિયાન આપણે ચલાવી રહ્યાં છીએ. આ પ્રાકૃતિક કૃષિથી જ આપણી જમીન ઉપજાઉ બની શકશે. તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ગુજરાતના નવ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી ચૂકયા હોવાનું જણાવી રાજયપાલશ્રીએ ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને ધરતી માતાને બચાવવાના આ મહાયજ્ઞમાં જોડાય તે માટે આહ્વાન કરતાં જણાવ્યું હતું કે, જ્યાં બીમારી હશે ત્યાં જ કમજોરી આવશે. બીમારી નબળાને જ પકડે છે. આથી આપણે આપણા ખેતરમાં જીવામૃત, ઘનજીવામૃત, નિમાસ્ત્ર, શતપર્ણી જેવા કુદરતી ઉપચારો આદરવા રાજ્યપાલશ્રીએ પોતે લખેલા પુસ્તકમાં પ્રાકૃતિક કૃષિની આપેલી પધ્ધતિઓને અનુસરવા ખેડૂતોને આહ્વાન કર્યું હતું. કૃષિમાં છાણિયું ખાતર વાપરવાથી નાઈટ્રોજન અને મિથેન ગેસ વધે છે. કાર્બન ડાયોકસાઈડએ વૃક્ષોનો ખોરાક છે અને ઓક્સિજન એ આપણો ખોરાક છે ત્યારે વાતાવરણને બચાવવા માટે આપણે આપણા જન્મદિવસ કે વર્ષગાંઠના અવસરોએ એક વૃક્ષ અવશ્ય વાવવું જોઈએ અને આ વૃક્ષનું ત્રણ વર્ષ સુધી જતન સંવર્ધન થાય તે માટે કાળજી રાખવી જોઈએ. ત્યારબાદ આ વૃક્ષ આપણને તેના સમગ્ર જીવનકાળ દરમિયાન સાચવશે. વૃક્ષ વાવવું એ ઈશ્વરિય કાર્ય છે અને તેનાથી મોટી કોઈ ઈશ્વરભક્તિ નથી. તેમ જણાવી તેમણે આવનારી પેઢી માટે તે મોટો ઉપકાર હશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ખેડૂત ભાઈઓની ગેરસમજ દૂર કરતા જણાવ્યું કે વધુ રાસાયણિક ખાતર વાપરવાથી વધુ ઉત્પાદન મળે છે એવી માન્યતા હશે, પરંતુ હકીકતમાં તેનાથી વિપરિત થઈ રહ્યું છે. આગામી સમયમાં સારા સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ આધારિત ખેતી અપનાવી ખર્ચ ઘટવા સાથે ઉત્પાદકતા વધે તે માટે દેશી ગાય આધારિત ખેતી કરવા માટે સૌ કટિબદ્ધ થઈએ તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે. ખેડૂતોની ગેરસમજ દૂર કરીને ગુરુદક્ષિણામાં જિલ્લાના ખેડૂતો પાસેથી પ્રાકૃતિક ખેતીકરવાની હિમાયત તેમણે કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત જૂથો, એફપીઓ તથા મોડલ ફાર્મના ૨ જેટલા સ્ટોલની રાજ્યપાલશ્રીએ પ્રત્યક્ષ મુલાકાત લઈ અને પ્રાકૃતિક કૃષિ પેદાશો વિશેની જાણકારી મેળવી હતી. કસ્તુરબા સેવાશ્રમ, મરોલી આશ્રમશાળામાં ધેનુ ગીર ગૌશાળા અર્પણ હોલ તથા ઔષધ બાગનું લોકાર્પણ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી વરદહસ્તે કરાયું હતું. વધુમાં ગૌ શાળામાંથી ૭૦ જેટલી ગાયો પૈકી ૫ ગાયો પ્રતિકાત્મક રીતે ખેડૂતોને અર્પણ કરી હતી. કસ્તુરબા સેવાશ્રમ, મરોલીના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ખુમાનસિંહ વાસિયાએ સ્વાગત પ્રવચન કરીને સંસ્થાકિય પ્રવૃત્તિની વિસ્તૃત વિગતોની જાણકારી આપી હતી. રાજ્યપાલશ્રીનું આશ્રમશાળા ખાતે ગાર્ડ ઓફ ઓનર આપી ઉષ્માભર્યુ સ્વાગત કરાયું હતું. કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી દ્વારા કુરુક્ષેત્ર ગુરુકુળમાં તેમના દ્વારા કરવામાં આવતી ખેતીની ડોકયુમેન્ટ્રી નિદર્શિત કરવામાં આવી હતી. જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા કૃષિકારોએ પોતાની સફળતાની વાત આ અવસરે રજૂ કરી હતી. આ પ્રસંગે આશ્રમ શાળાના અગ્રણીઓને રાજ્યપાલશ્રી દ્વારા પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મયુર ચાવડા, અધિક નિવાસી કલેકટર શ્રી એન. આર. ધાધલ, ઝઘડિયાના ધારાસભ્ય શ્રી રિતેશ વસાવા, તાલુકા પ્રમુખ શ્રીમતી વસુધાબેન વસાવા, ચાસવડ ગ્રામ પંચાયત સરપંચશ્રી, ટ્રસ્ટી મંડળના સભ્યો, ખેડુત મિત્રો, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં. આત્મા પ્રોજેકટ ભરૂચ અંતર્ગત જિલ્લાનાં દરેક તાલુકાઓમાંથી કલસ્ટર વાઈઝ ૫૩૧ જેટલી ગ્રામ પંચાયત માંથી ૩૫૨૨૭ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. આમ, જિલ્લામાં ૨૦૩૪૮ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. આ ઉપરાંત જિલ્લાનાં તમામ ખેડૂતો આ પહેલ તરફ પાછા ફરે તેવા લક્ષ્યાંક સાથે અત્યાર સુધી ૨૬૧૩૮૩ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ પણ આપવામાં આવી છે.

આગામી લોકસભા માં દેવભુમિ દ્વારકા જામનગર નીબેઠક પરચુંટણી લડવા જામ જોધપુર ના ઉદ્યોગપતિ વીએચપી પ્રમુખ હરેશ ભાઈ બારીયા પણ મેદાને

ભરત ભોગાયતા

લોકસભા નીચુંટણી નીચુંટણી નોસમય જેમ જેમ નજદીક આવતો જાય છે તેમતેમ દિવસેને દિવસે રાજકીય ગતિવિધી તેજ બની રહી છે લોકસભાની બેઠક લડવા માટે કોને ટીકીટ મળશે કોને નઈ મળે તેવી રાજકીય ચર્ચા ઓ તેજ બનતા રાજકારણ મા ગરમાવો આવ્યો છે વિવિધ સમાજ ના સક્ષમ નેતાઓના નામો ચર્ચાઈ રહેલ છે અને તેમના સમાજ ના અગ્રણીઓને ટીકીટ મળે તેવી લાગણી દર્શાવાઈ રહી છે ત્યારે લોકસભાની જામનગર નીબેઠક માટે જામ જોધપુર પંથકના વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ આહિર સમાજ ના યુવા ઉદ્યોગપતિ અને અને સૌરાષ્ટ્ર ભરમાં અનેક સમાજ સાથે સામાજીક અને વેપાર ક્ષેત્રે જોડાયેલ આ અગ્રણી હરેશ ભાઈ બારીયા પણ ભાજપ માંથી ચુંટણી લડવાના મુડમા હોય તેમના સમર્થકો પણ હરેશ ભાઈ બારીયા ટીકીટ મળે તેવુ ઈચ્છી રહ્યા છે અને માંગ પણ કરી રહ્યા છે અને આ યુવા આહિર અગ્રણી દ્વારા જો પોતાને ટીકીટ મળે તો ચુંટણી લડવા સક્ષમ છે જેમને લઈ આ અગ્રણી એ પણ ગતિવિધી તેજ કરી દીધી છે અને તેમને ટીકીટ મળે તે માટેના રાજકીય સોગઠા ગોઠવી રહેલ છે હરેશ ભાઈ બારીયા નો પરિવાર પણ છેલ્લા ઘણા વરસો થયા રાજકારણ સાથે જોડાયેલ છે. જામજોધપુરના આ દાવેદાર માટે પંથકના રાજકીય વિશ્લેષક જણાવે છે કે હરીશભાઈ બારીયા અને તેમના પરિવારના સભ્ય તેમજ સૌરાષ્ટ્ર ભરમાં આહિર સમાજ માં મોટુ નામ ધરાવતા સ્વ. હરદાસ બાપા બારીયા (વનાણા વાળા)ધારાસભા ની ચુંટણી પણ લડી ચુકયા છે આમ જામનગર દ્વારકા લોકસભાની બેઠક માટે ભાજપ મા થી સ્વ. હરદાસ બાપા બારી યા ના પુત્ર હરેશ ભાઈ બારીયા નું નામ ચર્ચા માં ઉઠતા દેવભુમી દવારકા જામનગર લોકસભાની ની બેઠક પર નું રાજકારણ ગરમાયુ છે અને સમીકરણો પણ બદલાયા છે

પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલા સહિત ૧૫૦ કાર્યકર્તાઓ ભાજપામાં જોડાયા

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મહાનગર ભાજપા અધ્યક્ષ ૠચિર ભટ્ટના માર્ગદર્શન હેઠળ નવા કાર્યકર્તા જોડો અભિયાન અંતર્ગત પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલા સહિત વિસ્તારના ૧૫૦થી વધુ કાર્યકર્તાઓ પ્રદેશ ભાજપા કાર્યાલય શ્રી કમલમ ગાંધીનગરખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશના અગ્રણી પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં ભાજપનો ખેસ ગ્રહણ કરી વિધિવત ભાજપામાં જોડાયા હતાં. નવા કાર્યકર્તા જોડો અભિયાન અંતર્ગત શહેર સંગઠનના મંત્રી વાસુદેવ પટેલ, વોર્ડ પ્રમુખ સુરેશ પટેલ અને નગરસેવિકા છાયા ત્રિવેદીને ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપાઈ છે.

kamalam daily newspape r-28-02-2024

વી.ઓ.ચિદમ્બરનાર બંદર પર આઉટર હાર્બર કન્ટેનર ટર્મિનલનો શિલાન્યાસ કર્યો

૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૭૫ દીવાદાંડીઓમાં પ્રવાસન સુવિધાઓનું લોકાર્પણ કર્યું

પ્રધાનમંત્રીએ તામિલનાડુનાં થુથુકુડીમાં રૂ. ૧૭,૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનો શિલાન્યાસ કર્યો અને દેશને સમર્પિત કર્યા

ભારતનું પ્રથમ સ્વદેશી ગ્રીન હાઇડ્રોજન ફ્યુઅલ સેલ ઇનલેન્ડ વોટરવે વે લોન્ચ કર્યું

"કનેક્ટિવિટી સુધારવાનાં કેન્દ્ર સરકારનાં પ્રયાસોથી જીવનની સરળતામાં વધારો થઈ રહ્યો છે"

"એક સાથે ૭૫ સ્થળોએ વિકાસ, આ નવું ભારત છે"

"આજે દેશ 'સંપૂર્ણ સરકાર'ના અભિગમ સાથે કામ કરી રહ્યો છે

"તામિલનાડુ થુથુકુડીમાં પ્રગતિનો એક નવો અધ્યાય લખી રહ્યું છે"

વિવિધ રેલ અને રોડ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું

"દરિયાઈ ક્ષેત્રનો વિકાસ એટલે તામિલનાડુ જેવા રાજ્યનો વિકાસ"

નવી દિલ્હી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે તામિલનાડુનાં થુથુકુડીમાં રૂ. ૧૭,૩૦૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા હતા. પ્રધાનમંત્રીએ વીઓ ચિદમ્બરનારબંદરગાહ પર આઉટર હાર્બરકન્ટેનર ટર્મિનલનો શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ હરિત નૌકા પહેલ હેઠળ ભારતનાં પ્રથમસ્વદેશી ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈનલેન્ડ વોટરવેવે જહાજનોપણ શુભારંભ કરાવ્યો હતો. તેમણે ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૭૫ દિવાદાંડીઓમાં પર્યટક સુવિધાઓ સમર્પિત કરી હતી. તેમણે વાંચી મનિયાચ્ચી-નાગરકોઈલ રેલવે લાઈનનેબમણી કરવામાટેનાં રેલવે પ્રોજેક્ટ પણ રાષ્ટ્રને સમર્પિત કર્યા હતાં, જેમાં વાંચી મનિયાચ્ચી-તિરુનેલવેલી સેક્શન અને મેલાપ્પાલયમ-અરલવામાઈમોલી સેક્શન સામેલ છે. પ્રધાનમંત્રીએ તામિલનાડુમાંઆશરે રૂ. ૪,૫૮૬ કરોડનાં કુલ ખર્ચ સાથે વિકસાવવામાં આવેલી ચાર માર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તામિલનાડુ થુથુકુડીમાં પ્રગતિનો નવો અધ્યાય લખી રહ્યું છે, કારણ કે વિકસિતભારતનાં રોડમેપ માટે વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ થઈ રહ્યો છે. તેમણેકહ્યું હતુંકે, આજની વિકાસયોજનાઓમાંકોઈપણ એક ભારત, શ્રેષ્ઠ ભારતનાં જુસ્સાનાં સાક્ષી બની શકે છે. આ પ્રોજેક્ટ્સ ભલે થુથુકુડીમાં હોય, પણ પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેનાથી સમગ્ર ભારતમાં અનેક સ્થળોએ વિકાસને વેગ મળશે. પ્રધાનમંત્રીએ વિકસીત ભારતની યાત્રા અને તેમાં તામિલનાડુની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે ૨ વર્ષ અગાઉની તેમની મુલાકાતને યાદ કરી હતી, જ્યારે તેમણેચિદમ્બરનાર બંદરની ક્ષમતા વધારવા માટે ઘણાં પ્રોજેક્ટ્સને લીલીઝંડી આપી હતી અને તેને શિપિંગનું મુખ્ય કેન્દ્ર બનાવવાનાં પોતાનાં વચનને પણ યાદ કર્યુંહતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ ખાતરી આજે પૂર્ણ થઈ રહી છે." વીઓચિદમ્બરનાર બંદરગાહ ખાતે આઉટર હાર્બર કન્ટેનર ટર્મિનલના શિલારોપણ અંગે વાત કરતા પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે, આ પ્રોજેક્ટમાં રૂ. ૭,૦૦૦ કરોડનું રોકાણ થશે. આજે ૯૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ૧૩ બંદરો પર ૨૫૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓનો શુભારંભ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિવિધ પ્રોજેક્ટથી તામિલનાડુને લાભ થશે અને રાજ્યમાંરોજગારીની તકોનું સર્જન થશે. પ્રધાનમંત્રીએ યાદ અપાવ્યું હતું કે, આજની વિકાસલક્ષી પરિયોજનાઓને વર્તમાન સરકાર લાવીરહી છે, જે લોકોની માગણીઓ છે અને અગાઉનીસરકારોએ ક્યારેય તેના તરફ ધ્યાન આપ્યું નહોતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "હું તામિલનાડુની સેવા કરવાઅને તેનું ભાવિ બદલવાઆવ્યો છું." હરિત નૌકા પહેલ હેઠળ ભારતના પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈનલેન્ડ વોટરવે વે જહાજ વિશે વાત કરતા પીએમ મોદીએ તેને કાશી માટે તામિલનાડુના લોકોની ભેટ ગણાવી હતી. તેમણે કહ્યુંહતું કે, તેમણે કાશી તામિલ સંગમમાં તામિલનાડુનાં લોકોનાં ઉત્સાહ અનેસ્નેહનાં સાક્ષી બન્યાં હતાં. પ્રધાનમંત્રીએ વીઓ ચિદમ્બરનાર બંદરને દેશનું પ્રથમ ગ્રીન હાઈડ્રોજન હબ બંદર બનાવવાનાં ઉદ્દેશ સાથે અન્ય વિવિધપ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટ સમાં ડિસેલિનેશન પ્લાન્ટ, હાઈડ્રોજન ઉત્પાદન અને બંકરિંગ સુવિધાનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, "આજે દુનિયા જે વિકલ્પો શોધી રહી છે, તેના સંબંધમાં તામિલનાડુ લાંબી મજલ કાપશે." પ્રધાનમંત્રીએ આજની રેલવે અને માર્ગ વિકાસલક્ષી પરિયોજનાઓપર પણ પ્રકાશ પાડ્યો હતો તથા કહ્યું હતું કે, ઈલેક્ટ્રિફિકેશન અને રેલવે લાઈનને બમણી કરવાથી દક્ષિણ તામિલનાડુ અને કેરળ વચ્ચે જોડાણમાં વધારો થશે, ત્યારે તિરુનેલવેલી અને નાગરકોઈલ સેક્ટરની ગીચતામાં પણ ઘટાડો થશે. તેમણે તામિલનાડુમાં અત્યારે રૂ. ૪,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાંરોડવેઝનાં આધુનિકીકરણ માટેનાં ચાર મુખ્ય પ્રોજેક્ટનો ઉલ્લેખ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેનાથી કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળશે, પ્રવાસનાં સમયમાં ઘટાડો થશે તથા રાજ્યમાં વેપાર અને પ્રવાસનને પ્રોત્સાહન મળશે. નવા ભારતનાં સંપૂર્ણ સરકારીઅભિગમનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તામિલનાડુમાં માર્ગમાર્ગો, રાજમાર્ગો અને જળમાર્ગોનાં વિભાગો શ્રેષ્ઠ કનેક્ટિવિટી અને શ્રેષ્ઠ તકોનુંસર્જન કરવાકામ કરી રહ્યાં છે. આથી રેલવે, રોડ અને મેરીટાઈમ પ્રોજેક્ટ મળીને શરૂ કરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, મલ્ટિ-મોડલ અભિગમથી રાજ્યનાં વિકાસને નવી ગતિ મળશે. પ્રધાનમંત્રીએ 'મન કીબાત'નાં એક એપિસોડ દરમિયાન દેશનાં પ્રધાનમંત્રીદિવાદાંડીઓને પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવાનાં પોતાનાં સૂચનોને યાદ કર્યા હતાં અને ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં ૭૫ દિવાદાંડીઓમાં પ્રવાસન સુવિધાઓ સમર્પિત કરવા બદલ ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે, "એક સાથે ૭૫ સ્થળોએ વિકાસ, આ નવું ભારત છે." તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ ૭૫ સ્થળો આગામી સમયમાં વિશાળ પર્યટન કેન્દ્રો બનશે. કેન્દ્ર સરકારની પહેલોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જાણકારીઆપી હતી કે, છેલ્લાં ૧૦વર્ષમાં તામિલનાડુમાં ૧૩૦૦ કિલોમીટરની લંબાઈ ધરાવતાં રેલવે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યાં છે. ૨૦૦૦ કિલોમીટરનીરેલવે વીજળીકરણની કામગીરી, ફ્લાયઓવર અને અંડરપાસનું નિર્માણ અને અનેક રેલવે સ્ટેશનોનું અપગ્રેડેશન કરવામાંઆવ્યું હતું.તેમણે જણાવ્યું હતુંકે, રાજ્યમાંપ વંદે ભારત ટ્રેનો ચાલી રહી છે, જે વિશ્વસ્તરીય પ્રવાસનો અનુભવ પ્રદાન કરે છે. ભારત સરકાર તામિલનાડુના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણકરી રહી છે. તેમણે કહ્યુંહતું કે, "કનેક્ટિવિટી સુધારવા માટે કેન્દ્ર સરકારનાં પ્રયાસોથી જીવનની સરળતામાં વધારો થઈ રહ્યો છે." પ્રધાનમંત્રીએ દાયકાઓથી ભારતનાં જળમાર્ગો અને દરિયાઈ ક્ષેત્ર સાથેની મોટી અપેક્ષાઓ પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, આ ક્ષેત્રો આજે વિકસિતભારતનો પાયોબની રહ્યાં છે અને સંપૂર્ણ દક્ષિણ ભારતની સાથે તામિલનાડુ પણ આનો સૌથી મોટો લાભ લે છે. પ્રધાનમંત્રીએ તામિલનાડુમાં ત્રણ મુખ્ય બંદરો અને ૧૨થીવધારે નાનાંબંદરો પર પ્રકાશ પાડ્યો હતો તથા દક્ષિણનાં તમામ રાજ્યોમાટે સંભવિતતાઓ પર ભાર મૂક્યોહતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "દરિયાઈ ક્ષેત્રનો વિકાસ એટલે તામિલનાડુ જેવા રાજ્યનો વિકાસ." પ્રધાનમંત્રીએ છેલ્લાં દાયકામાં વીઓ ચિદમ્બરનાર બંદર પર ટ્રાફિકમાં ૩૫ ટકાની વૃદ્ધિ વિશે જાણકારી આપી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે ગયા વર્ષેબંદરે ૩૮મિલિયન ટનનું સંચાલન કર્યુંહતું, જેમાંવાર્ષિક ૧૧ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. પીએમ મોદીએ સાગરમાલા જેવા પ્રોજેક્ટ્સની ભૂમિકાને શ્રેય આપતા ઉમેર્યું હતું કે, "દેશના અન્ય મોટા બંદરોમાં પણ આવા જ પરિણામો જોવા મળી શકે છે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યુંહતું કે, ભારત જળમાર્ગો અને દરિયાઈ ક્ષેત્રોમાં નવા વિક્રમોનું સર્જન કરી રહ્યું છે. તેમણે નોંધ્યું હતું કે, લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાંભારતનો ક્રમ વધીને ૩૮મો થયો છે અને બંદર ક્ષમતા એક દાયકામાં બમણી થઈ ગઈ છે. તેમણે વધુમાંજણાવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય જળમાર્ગોમાં આઠ ગણો વધારો થયો છે અને ક્રુઝના મુસાફરોની સંખ્યામાં ચાર ગણો વધારો થયો છે જ્યારે નાવિકો બમણા થઈ ગયા છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રગતિથી તામિલનાડુ અને આપણાં યુવાનોને લાભ થશે. "મને ખાતરી છે કે તામિલનાડુ વિકાસના પથ પર આગળ વધશે અને હું તમને ખાતરી આપું છું કે જ્યારે રાષ્ટ્રઅમને ત્રીજીવખત સેવા કરવાની તક આપશે ત્યારે હું નવા ઉત્સાહ સાથે તમારી સેવા કરીશ." પોતાની હાલની મુલાકાત દરમિયાન તામિલનાડુનાં વિવિધ વિસ્તારોનાં લોકોનાં પ્રેમ, સ્નેહ, ઉત્સાહ અને આશીર્વાદ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ સરકારની કટિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, તેઓ રાજ્યનાં વિકાસ સાથે લોકોનાં દરેક પ્રેમની બરોબરી કરશે. અંતમાં પ્રધાનમંત્રીએ દરેકનેતેમની ફોનની લાઈટ્સ ચાલુ કરવા જણાવ્યું હતું અને તામિલનાડુ અને ભારત સરકાર વિકાસનો તહેવાર ઉજવી રહી છે તે દર્શાવવા જણાવ્યું હતું. આ પ્રસંગેતામિલનાડુનાં રાજ્યપાલ શ્રી આર એન રવિ, બંદરો, જહાજ અને જળમાર્ગોનાંકેન્દ્રીય મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ અને રાજ્ય કક્ષાનાં કેન્દ્રીય મંત્રી ડૉ. એલ મુરુગન ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રધાનમંત્રીએ વીઓ ચિદમ્બરનાર બંદરગાહ પર આઉટર હાર્બર કન્ટેનર ટર્મિનલનોશિલાન્યાસ કર્યો હતો. આ કન્ટેનર ટર્મિનલ વી.ઓ.ચિદમ્બરનાર બંદરને પૂર્વ કિનારા માટે ટ્રાન્સશિપમેન્ટ હબમાં પરિવર્તિત કરવાની દિશામાં એક પગલું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતનાં લાંબા દરિયાકિનારાનો લાભ લેવાનો અને અનુકૂળ ભૌગોલિક સ્થાન મેળવવાનો તથા વૈશ્વિક વેપારી ક્ષેત્રમાં ભારતની સ્પર્ધાત્મકતાને મજબૂતકરવાનો છે. મુખ્ય માળખાગત પ્રોજેક્ટથી આ વિસ્તારમાં રોજગારીનું સર્જન અને આર્થિક વિકાસ પણ થશે. પ્રધાનમંત્રીએ વીઓ ચિદમ્બરનાર બંદરનેદેશનું પ્રથમગ્રીન હાઈડ્રોજન હબ બંદર બનાવવાનાં ઉદ્દેશ સાથે અન્ય વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રોજેક્ટસમાં ડિસેલિનેશન પ્લાન્ટ, હાઈડ્રોજન ઉત્પાદન, બંકરિંગસુવિધાવગેરેનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ હરિતનૌકા પહેલહેઠળ ભારતનાં પ્રથમ સ્વદેશી ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ઈનલેન્ડ વોટરવે વે જહાજનો પણ શુભારંભ કરાવ્યો હતો. આ જહાજનુંઉત્પાદન કોચીન શિપયાર્ડ દ્વારા કરવામાં આવે છે અને તે સ્વચ્છ ઊર્જા ઉકેલોને અપનાવવાઅને રાષ્ટ્રની નેટ-ઝીરો પ્રતિબદ્ધતાઓ સાથે જોડાણ કરવા માટેના એક અગ્રણી પગલા પર ભાર મૂકે છે. પ્રધાનમંત્રીએ ૧૦ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૭૫ દિવાદાંડીઓમાં પ્રવાસી સુવિધાઓનુંલોકાર્પણ પણકર્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ વાંચીમનિયાચ્ચી-નાગરકોઈલ રેલ લાઈનના ડબલિંગ માટે વનચી મનિયાચ્ચી-તિરુનેલવેલી સેક્શન અને મેલાપ્પાલયમ-અરાલવાયમોલીસેક્શન સહિતની રેલવે પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આશરે રૂ. ૧,૪૭૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ ડબલિંગ પ્રોજેક્ટથી કન્યાકુમારી, નાગરકોઈલ અને તિરુનેલવેલીથી ચેન્નાઈ તરફ જતી ટ્રેનો માટે મુસાફરીનો સમય ઘટાડવામાં મદદ મળશે. પ્રધાનમંત્રીએ તામિલનાડુમાંઆશરે રૂ. ૪,૫૮૬ કરોડનાં કુલ ખર્ચ સાથે વિકસાવવામાં આવેલી ચાર માર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં રાષ્ટ્રીય રાજમાર્ગ—૮૪૪નાં જિત્તાનહલ્લી-ધર્મપુરી વિભાગને ચાર માર્ગીય બનાવવા, રાષ્ટ્રીય રાજમાર્ગ—૮૧નાં મીનસુરુટ્ટી-ચિદમ્બરમ વિભાગનાં પાકા ખભા સાથે દ્વિમાર્ગીયકરણ, રાષ્ટ્રીય રાજમાર્ગ-૮૩નાં ઓડનચત્રામ-મદાથુકુલમ વિભાગને ચાર માર્ગીય બનાવવા તથા રાષ્ટ્રીય રાજમાર્ગ — ૮૩નાં નાગાપટ્ટિનમ-તંજાવુર વિભાગનાં પાકા ખભા સાથે દ્વિમાર્ગીય બનાવવાનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ કનેક્ટિવિટીમાં સુધારો કરવાનો, પ્રવાસનો સમય ઘટાડવાનો, સામાજિક-આર્થિક વૃદ્ધિ વધારવાનો અને પ્રદેશમાં યાત્રાધામોની મુલાકાતને સુલભ બનાવવાનો છે.

ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં તેના વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઉચ્ચ વૃદ્ધિના માર્ગે અગ્રેસર છે: મંત્રી હરદીપ એસ પુરી

વર્ષ ૨૦૧૪ પહેલાના પોલિસી પેરાલિસિસના દિવસોથી હવે આપણે પરિવર્તનકારી નીતિઓનો યુગ જોઈ રહ્યા છીએ, જે નાગરિકોને સીધો ફાયદો કરાવે છેઃ હરદીપ એસ પુરી

૨૦૧૪થી અત્યાર સુધીમાં ૨૫ કરોડથી વધુ લોકો બહુઆયામી ગરીબીમાંથી બહાર આવ્યાઃ પુરી

એવા સમયે જ્યારે ઉન્નત અર્થતંત્રો રોગચાળાની વિનાશક અસરોમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે ભારત વધુ સ્થિતિસ્થાપક બનીને બહાર આવ્યું છે, એમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તથા આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું. આજે બેંગાલુરુમાંરેવા યુનિવર્સિટી સેન્ટર ઓફ એક્સલન્સ ફોર જિયોપોલિટિક્સ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, ભારત અગાઉથી જ દુનિયાનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર છે અને ટૂંક સમયમાંજ આપણેત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની જઈશું. તેમણે જણાવ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં ૭.૩ ટકાના વૃદ્ધિ દર સાથે, ભારત દર્શાવે છે કે તે ૨૦૪૭ સુધીમાં તેના વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ-વૃદ્ધિના માર્ગ પર છે. વૈશ્વિક સ્તરે ભારતના વધી રહેલા કદનો ઉલ્લેખ કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણાં વધી રહેલાં વૈશ્વિક કદ પાછળ સ્થાનિક સામાજિક-આર્થિક સફળતાઓ અને કલ્યાણકારી સુધારાઓનો હાથ છે. છેલ્લાં દસ વર્ષમાં શાસનમાં એક આદર્શ પરિવર્તન આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪અગાઉ પોલિસી પેરાલિસિસના દિવસોથી હવે આપણે પરિવર્તનકારી નીતિઓનો યુગ જોઈ રહ્યા છીએ, જેનો સીધો લાભ નાગરિકોને થાય છે. ૧૦ વર્ષમાં દેશની સફળતાઓનો ઉલ્લેખ કરીને શ્રી પુરીએનોંધ્યું હતું કે, વર્ષ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૨૫ કરોડથી વધારે લોકોને બહુપરિમાણીય ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યાં છે. તેમણે કહ્યું હતું કે, આયુષ્માન ભારત મિશન જેવી યોજનાઓ અને સ્વચ્છ ભારત મિશન અને અમૃત જેવી યોજનાઓની સફળતા મારફતે છેલ્લાં ૧૦ વર્ષમાં સ્વાસ્થ્ય પર ખિસ્સામાંથી થતાં ખર્ચમાં ૨૫ ટકાનોઘટાડોથયો છે. તેમણે નોંધ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૧૦.૫૭ કરોડ ગ્રામીણ કુટુંબોને નળનાં પાણીનાં જોડાણો પ્રદાન કરવામાં આવ્યાં છે, ત્યારે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ૧૧ કરોડથી વધારે શૌચાલયોનું નિર્માણ થયું છે. તેમણે કહ્યું હતુંકે, અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨.૫૧ કરોડ ગ્રામીણ મકાનો અને ૮૦ લાખથી વધારે શહેરી મકાનોનું નિર્માણ થયું છે. તાજેતરના બજેટમાંઆ યોજનાને લંબાવવામાં આવી છે અને તે ગ્રામીણ વિસ્તારોમાં વધુ ૨ કરોડ મકાનોને મંજૂરીઆપશે. મંત્રીશ્રીએ પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અને પ્રધાનમંત્રી ઉજ્જવલાયોજના હેઠળ દેશે હાંસલ કરેલી સીમાચિહ્નો વિશે પણ વાતકરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ચોખ્ખા આયાતકાર બનવાથી ભારત દુનિયાનું બીજા ક્રમનું સૌથી મોટું મોબાઇલ ઉત્પાદક દેશ બની ગયું છે, જેમાં સ્થાનિક સ્તરે વધારે મૂલ્ય સંવર્ધન થઈ રહ્યું છે. મંત્રીએ કહ્યું કે ભારત વસ્તીવિષયક સંક્રમણનાકેન્દ્રમાં છે જ્યારે મોટાભાગના વિકસિત દેશો વૃદ્ધ કર્મચારીઓનું જોખમ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, ભારતનું જનસંખ્યાકીય વળતર આપણને અપ્રતિમ બૌદ્ધિક મૂડી અને ઉદ્યોગસાહસિકતાની પ્રતિભા પ્રદાન કરે છે. શ્રી પુરીએ કહ્યું કે, ભારતની સોફ્ટ પાવર - તમામ લોકશાહીની માતા તરીકે, અને વિશ્વની સૌથી મોટી અને બહુલતાવાદી - તેના સર્વસંમતિ નિર્માણ અને પરસ્પર લાભના સિદ્ધાંતોસાથેવધુ તીવ્રધ્યાન કેન્દ્રિત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે વૈશ્વિક કાર્યોવૈશ્વિક સારામાટે હોઈ શકે છે તેવી માન્યતા સાથે ભારતે વસુધૈવ કુટુંબકમની ફિલસૂફી દ્વારા એક નવી વૈશ્વિક દ્રષ્ટિ લાવી છે. મંત્રી હરદીપ સિંહ પુરીએ આજે બેંગલુરુમાંરેવાયુનિવર્સિટી સેન્ટર ઓફ જિયોપોલિટિક્સ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝનું ઉદ્ઘાટન કર્યું.

"જિયોપોલિટિક્સ એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝ માટેનું આ સેન્ટર ઓફ એક્સેલન્સ રેવા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે એક મૂલ્યવાન ઉમેરો સાબિત થશે.", મંત્રીએ જણાવ્યું હતું. મંત્રીએ કહ્યું કે ૨૧મી સદીના વૈશ્વિક લેન્ડસ્કેપમાં ભારતની સ્થિતિને સમજવી અને તેને આગળ વધારવી આ નિર્ણાયક તબક્કે અનિવાર્ય છે. તેમણે કહ્યું, "હું આશા રાખું છું કે આ કેન્દ્ર બૌદ્ધિક જિજ્ઞાસાને પ્રજવલિત કરવા અને વિદ્વાનો, વ્યાવસાયિકો, નિર્ણય લેનારાઓ અને ઉભરતા નેતાઓ વચ્ચે ભૌગોલિક રાજનીતિ અને આંતરરાષ્ટ્રીય અભ્યાસ પર વિચાર-પ્રેરક ચર્ચાઓને પ્રોત્સાહન આપવા માટે એક મંચ તરીકે કામ કરશે."

રાજ્યમાં શિક્ષકોની ભરતી લાગવગ નહીં લાયકાતથી મેરીટના ધોરણે જ કરવામાં આવે છે : શિક્ષણ મંત્રી ડૉ.કુબેરભાઇ ડિંડોર

વર્ષ ૨૦૨૩ માં TET પાસ કરેલ ઉમેદવારો પૈકી ૧૨,૭૧૦ જેટલા ઉમેદવારોની પ્રાથમિક શિક્ષણ વિભાગમાં જ્ઞાન સહાયક તરીકે ભરતી કરાઇ

રાજ્યમાં વર્ષ ૨૦૨૩ માં TAT પાસ કરેલ ૫,૨૭૭ ઉમેદવારોની માધ્યમિક શિક્ષણ માં અને ૩૦૭૧ ની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક તરીકે ભરતી કરાઇ

રાજ્યના માધ્યમિક શિક્ષણમાં ૯૭.૭૬% જગ્યાઓ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૮૪.૧૨% જગ્યાઓ હાલની પરિસ્થિતિએ ભરાયેલ છે

શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડિંડોર એ સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, રાજ્યમાં શિક્ષકોની ભરતી લાગવગથીનહીં પરંતુલાયકાત અને મેરીટના ધોરણે જ કરવામાંઆવે છે. વિધાનસભામાંવર્ષ-૨૦૨૩ની સ્થિતિએ ઈ અને છ નાપાસ થયેલ ઉમેદવારોની ભરતી સંદર્ભે પૂછાયેલ પ્રશ્નના જવાબમાંમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩ માં ૧૨,૭૧૦ જેટલા ઉમેદવારોની જ્ઞાન સહાયક તરીકે ભરતી કરવામાં આવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩ માં છ પાસ કરેલ ૫,૨૭૭ ઉમેદવારોની માધ્યમિક શિક્ષણ માં અને ૩૦૭૧ ની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક તરીકેભરતીકરાઈહોવાનું તેમણેઉમેર્યુ હતુ. હાલ રાજ્યનીસરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાઓમાં કુલ ૨૫,૮૮૦ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ ૧૬,૮૯૪ શિક્ષકો ફરજરત છે. રાજયના માધ્યમિક શિક્ષણ વિભાગમાં ૯૭.૭૬% જગ્યાઓ અનેઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિભાગમાં ૮૪.૧૨%જગ્યાઓ હાલનીપરિસ્થિતિએ ભરાયેલ હોવાનું મંત્રી શ્રી એ ઉમેર્યુ હતું.

KVIC દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદરમાં ગ્રામીણ કારીગરોને પરંપરાગત ચરખા અને ટૂલકીટ્સનું વિતરણ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળપોરબંદરમાંખાદી અને ગ્રામોદ્યોગ આયોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય ગ્રામીણ કારીગરોને સશક્ત, સક્ષમ અને સમૃદ્ધ બનાવવા પરંપરાગત ચરખા સાથે મશીનરી અને ટૂલકીટનું વિતરણ કર્યું છે.વિતરણ કાર્યક્રમનો ઉદેશ ગુજરાતના પોરબંદર જિલ્લાના કારીગરોને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વહેઠળ ચાલી રહેલા 'આત્મનિર્ભર ભારત', 'વિકસિત ભારત' અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અભિયાન સાથે જોડવાનો છે. પોરબંદરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતેઆયોજિતવિતરણ કાર્યક્રમમાં ઙ્ગઈઝનાચેરમેન શ્રી મનોજ કુમાર દ્વારાપોરબંદરના સાંસદ શ્રી રમેશ ભાઈ ધડુકની ઉપસ્થિતિમાં ખાદી વિકાસ યોજના હેઠળ કારીગરોને ૧૫૦ પરંપરાગત ચરખા, ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ ૭૫ કારીગરોને ૧૦૦ઈલેક્ટ્રીકલી ઓપરેટેડ ચાક અને ટૂલકીટ આપવામાં આવી હતી. વિતરણ કાર્યક્રમપહેલાઙ્ગઈઝનાચેરમેન શ્રી મનોજ કુમારે આદરણીય બાપુને નમન કર્યા અને કહ્યુંકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો વારસો ખાદી સ્થાનિકથીવૈશ્વિક સ્તરે ગયો છે.આજે ખાદીમાત્રએકવસ્ત્ર નથી, તે એક શસ્ત્ર પણ છે. યુવાનોમાં ખાદીનો ક્રેઝઝડપથી વધીરહ્યો છે. વિતરણ કાર્યક્રમને સંબોધતા ઙ્ગઈઝનાચેરમેન શ્રીમનોજ કુમારે જણાવ્યું હતુંકે મોદીસરકાર દ્વારા આપવામાં આવેલી ગેરંટી સાથે 'નવા ભારતની નવી ખાદી' એ 'આત્મનિર્ભરભારત અભિયાન'ને નવી દિશા આપી છે. છેલ્લા ૧૦ વર્ષમાંખાદીઉત્પાદનોનાવેચાણમાં ચાર ગણાથી વધુવધારાએ ગ્રામીણ ભારતના કારીગરોને આર્થિક રીતે પરિપૂર્ણ અને સમૃદ્ધ બનાવ્યા છે. સ્થાનિક કારીગરોને આધુનિક તાલીમ અને ટૂલકીટ આપીને, ઙ્ગઈઝ માત્ર તેમનું આધુનિકીકરણ જ નથી કરી રહ્યું પણ તેમને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ કેમ્પેઈન' સાથે પણ જોડી રહ્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અને 'લોકલ ટુ ગ્લોબલ'નામંત્રેખાદીનેવૈશ્વિક મંચ પર નવી ઓળખઆપી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ખાદી અને ગ્રામોદ્યોગ ઉત્પાદનોનું ટર્નઓવર રૂ.૧.૩૪ લાખ કરોડના આંકડાને પાર કરી ગયું છે, જયારે આ સમયગાળા દરમિયાન ૯.૫૦ લાખથી વધુ નવી નોકરીઓનું સર્જન થયું છે. કારીગરો સાથે સીધી વાત કરતાં તેમણે કહ્યુંકે ખાદીઅને ગ્રામોદ્યોગ આયોગ ગ્રામીણ ભારતની અર્થવ્યવસ્થાનેમજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવીરહ્યું છે. ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ, ઙ્ગઈઝ એ અત્યાર સુધીમાં ૨૭ હજારથીવધુ કુંભાર ભાઈઓ અને બહેનોને ઈલેક્ટ્રિકચાકનું વિતરણ કર્યું છે, જેણે ૧ લાખથી વધુ કુંભારોના જીવનમાં મોટો ફેરફાર કર્યો છે. આ યોજના હેઠળ, ૬૦૦૦થી વધુ ટૂલકીટ અને મશીનરીનું વિતરણ કરવામાં આવ્યું છે, જ્યારે મધ મિશન યોજના હેઠળ, અત્યારસુધીમાં ૨૦,૦૦૦ લાભાર્થીઓને ૨ લાખથી વધુ મધ મધમાખી-બોક્સ અને મધમાખી વસાહતોનું વિતરણ કરવામાં આવ્યું છે. કાર્યક્રમને સંબોધતા પોરબંદર સંસદીય બેઠકના સાંસદ શ્રી રમેશ ભાઈ ધડુકે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ ગ્રામીણ ભારતના કારીગરોને સશક્ત કરી રહ્યું છે. તેમણે તેમના લોકસભા મતવિસ્તારના યુવાનો અને બેરોજગાર લોકોને ખાદી સાથે જોડાઈને આત્મનિર્ભર બનવાઅને વિકસિત ભારત અભિયાનમાં યોગદાનઆપવાઅપીલકરીહતી. વિતરણ કાર્યક્રમમાં ખાદી સંસ્થાઓના પ્રતિનિધિઓ, ખાદી કામદારો અને કારીગરો, ગ્રામોદ્યોગ વિકાસ યોજનાના લાભાર્થીઓ અને ઙ્ગઈઝ,ઙ્ગઈમઅને ગુજરાત સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028

kamalam daily newspaper-28-02-2024